અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ ઓક્ટોબર ૨૦૨૩, સોમવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો વદ દશમ | અંક : ૭૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ભૂકંપના એક બાદ એક ત્રણ આંચકાથી ધરા ધણધણી

## અફઘાનિસ્તાનના પશ્ચિમમાં ભૂકંપ : ૨૦૦૦ લોકોના મોત

। કાબુલ, તા.૮ ।

અફઘાનિસ્તાનમાં ફરી એકવાર ભૂકંપના કારણે ભારે તબાહીના દ્રશ્યો સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, તાલિબાનના પ્રવક્તા મુજબ અફઘાનિસ્તાનના પશ્ચિમમાં આવેલા શક્તિશાળી ભૂકંપમાં લગભગ ૨,૦૦૦ લોકો માર્યા ગયા છે. આ તરફ પશ્ચિમ અફઘાનિસ્તાનમાં ઈરાની સરહદ પાસે આવેલા આ શક્તિશાળી ભૂકંપ બાદ મોટી સંખ્યામાં લોકો ઘાયલ પણ થયા છે. વિગતો મુજબ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૩ માપવામાં આવી છે. પશ્ચિમ અફઘાનિસ્તાનમાં ઈરાની સરહદ પાસે ધરતીકંપને કારણે હેરાત શહેરથી લગભગ ૪૦ કિમી (૨૫ માઈલ) દૂર આવેલા કેટલાંક ગામોનો નાશ થયો હતો. ઘણી ઈમારતોને નુકસાન થયું છે અને લોકો હજુ પણ કાટમાળમાં ફસાયેલા છે. ઓછામાં ઓછા ત્રણ શક્તિશાળી આંચકા લોકોએ અનુભવ્યા હતા. બચી ગયેલા લોકોએ ભયાનક દ્રશ્યોનું વર્ણન કર્યું અને કહ્યું કે, ઓફિસની ઈમારતો પહેલા હલી ગઈ અને પછી અચાનક ધસી પડી હતી. આ તરફ દેશના માહિતી અને સંસ્કૃતિ મંત્રાલયના પ્રવક્તા અબ્દુલ વાહિદ રાયાને જણાવ્યું હતું કે, હેરાતમાં આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક મૂળ અહેવાલ કરતાં વધુ છે. તાત્કાલિક મદદની અપીલ કરતાં તેમણે કહ્યું કે, લગભગ છ ગામો નાશ પામ્યા છે અને સેંકડો નાગરિકો કાટમાળ નીચે દટાયા છે. એક અપડેટમાં જણાવાયું છે કે, ૪૬૫ ઘરો નાશ પામ્યા છે અને ૧૩૫ અન્યને નુકસાન થયું છે. ડિઝાસ્ટર ઓથોરિટીના પ્રવક્તા મોહમ્મદ અબ્દુલ્લા જાને જણાવ્યું હતું કે, હેરાત પ્રાંતના ઝેંદા જાન જિલ્લાના ચાર ગામોને ભૂકંપ અને આફ્ટરશોક્સથી સૌથી વધુ નુકસાન થયું છે. યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વેએ અહેવાલ આપ્યો છે કે, ભૂકંપનું કેન્દ્ર હેરાત શહેરથી લગભગ ૪૦ કિલોમીટર ઉત્તર પશ્ચિમમાં હતું. આ પછી ત્રણ ખૂબ જ મજબૂત આફ્ટરશોક્સ આવ્યા જેની તીવ્રતા ૬.૩, ૫.૯ અને ૫.૫ હતી તેની સાથે ઓછા આફ્ટરશોક્સ પણ આવ્યા. આ તરફ એક વ્યક્તિએ કહ્યું, ઘર, ઓફિસ અને દુકાનો બધી ખાલી છે અને વધુ ભૂકંપ આવવાની શક્યતા છે. જ્યારે મને ભૂકંપનો આંચકો આવ્યો ત્યારે હું અને મારો પરિવાર અમારા ઘરની અંદર હતા. મારો પરિવાર ચીસો પાડવા લાગ્યો અને ડરીને ઘરની બહાર ભાગી ગયો.

**ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૩ માપવામાં આવી ફરી એકવાર ભૂકંપના કારણે ભારે તબાહીના દ્રશ્યો**





વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને જણાવ્યું હતું કે, અફઘાન ઘાયલોને હોસ્પિટલો સુધી પહોંચાડવા માટે ૧૨ એમ્બ્યુલન્સ કાર ઝેન્ડા જાન માટે રવાના કરવામાં આવી હતી. આરોગ્ય કર્મચારીઓની ટીમો હોસ્પિટલોમાં ઘાયલોની સારવાર કરવામાં અને વધારાની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવામાં મદદ કરી રહી છે.

### ન્યૂઝ બ્રિફ

#### જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઉત્તરાખંડ અને હિમાચલમાં વરસાદ પડશે

। નવી દિલ્હી, તા.૮ ।

હવામાન વિભાગ (IMD) એ આગામી કેટલાક દિવસોમાં ઘણા રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મુશળધાર વરસાદ ઉપરાંત આ સ્થળોએ તોફાન અને વીજળી પડવાની ચેતવણી પણ જારી કરવામાં જાહેર છે. ઉત્તર ભારતની વાત કરીએ તો ૯ અને ૧૦ ઓક્ટોબરે જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં વરસાદ પડશે. તે જ સમયે, વાવાઝોડાના આગમન સાથે કેટલાક વિસ્તારોમાં વીજળીની ગતિવિધિઓ જોવા મળી શકે છે.

#### સુપર રિચ ભારતીયોના લીધે દુબઈમાં લક્ઝરી પ્રોપર્ટી માર્કેટમાં ભારે તેજી

। નવી દિલ્હી, તા.૮ ।

ભારતમાં રૂપિયાની કોઈ અછત નથી તેવા લોકોએ દિલ્હી, મુંબઈ, બેંગલોર જેવા શહેરોમાં ઘણી પ્રોપર્ટી ખરીદી છે અને હવે તેઓ દુબઈની રિયલ્ટી માર્કેટમાં પણ તેજી લાવી રહ્યા છે. દુબઈમાં ૧૦ મિલિયન ડોલરથી વધારે વેલ્યૂના લક્ઝરી મકાનોની ખરીદીમાં ભારતીયો આગળ છે. આ વર્ષના નવ મહિનામાં ૧૦ મિલિયન એટલે કે એક કરોડ ડોલરથી વધુ ભાવ હોય તેવી ૨૭૭ પ્રોપર્ટીના સોદા થયા છે અને તેની કુલ વેલ્યૂ ૪.૯૨ અબજ ડોલરને વટાવી ગઈ છે.

### પીએમ કાર્યાલય રાખી રહ્યું છે નજર : મીનાક્ષી લેખી

## ઇઝરાયલમાં ફસાયેલા ભારતીયોની જલ્દી થશે સ્વદેશ વાપસી : વિદેશ રાજ્યમંત્રી

### હમાસના આતંકીઓ વિરુદ્ધ ઇઝરાયલની લડાઈ ચાલી રહી છે : ઇઝરાયલમાં ૧૮ હજાર ભારતીય નાગરિક રહે છે : ભારત સરકારની વર્તમાન સ્થિતિ પર નજર

। નવી દિલ્હી, તા.૮ ।

ઈઝરાયલમાં હમાસના આતંકીઓએ યુદ્ધ શરૂ કર્યું છે. હમાસના આતંકીઓએ શનિવારે વહેલી સવારે ઈઝરાયલ પર મોટી સંખ્યામાં રોકેટથી હુમલા કર્યા હતા. ઈઝરાયલ તરફથી પણ વળતો પ્રહાર કરવામાં આવ્યો છે. આ સમયે ઘણા ભારતીય નાગરિક ઈઝરાયલમાં હાજર છે. જાણકારી પ્રમાણે ઈઝરાયલમાં ૧૮ હજાર ભારતીય નાગરિક રહે છે, જેમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ છે. ભારત સરકાર વર્તમાન સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. ઈઝરાયલ પર હમાસના આતંકવાદીઓના હુમલા પર વિદેશ રાજ્યમંત્રી મીનાક્ષી લેખીએ કહ્યું- મને કાલે રાતથી ઘણા મેસેજ મળ્યા અને અમે કામ કરી રહ્યાં છીએ. મને તે પણ ખ્યાલ છે કે પ્રધાનમંત્રી કાર્યાલય સીધુ સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. અમે સતત કામ કરી રહ્યાં છીએ.

#### અમારી પાસે એક મોટો ભારતીય સમુદાય છે અને અમે જોડાયેલા છીએ



પહેલા પણ આંધ્ર પ્રદેશના લોકો સહિત ઘણા વિદ્યાર્થીઓ ફસાઈ ગયા હતા. પછી તે ઓપરેશન ગંગા હોય કે વંદે ભારત, અમે બધાને પરત લઈ આવ્યા અને મને આશા છે કે ભારત સરકાર અને પ્રધાનમંત્રી કાર્યાલય સીધા તે લોકોના સંપર્કમાં છે. પીએમ સ્થિતિ પર નજર રાખી રહ્યાં છે. નોંધનીય છે કે ભારતીય દૂતાવાસે પોતાના બધા નાગરિકોને સતર્ક રહેવાની સલાહ આપી છે. પરંતુ તે ભારતીય દૂતાવાસની સાથે સતત સંપર્કમાં છે, પરંતુ સ્થિતિ તણાવપૂર્ણ હોવાને કારણે તે ડર અનુભવી રહ્યાં છે.ઇઝરાયલમાં ફસાયેલા એક ભારતીય વિદ્યાર્થી ગોકુલ મનાવલને સમાચાર એજન્સી એએનઆઈને જણાવ્યું- હું ખુબ ગભરાયેલો અને ડરેલો છું. એટલું સારૂ છે કે અમારી પાસે આશ્રય સ્થળ અને ઇઝરાયલી પોલીસ દળ છે. હજુ સુધી અમે સુરક્ષિત છીએ. અમે ભારતીય દૂતાવાસના સંપર્કમાં છીએ, અમારી પાસે એક મોટો ભારતીય સમુદાય છે અને અમે જોડાયેલા છીએ.ભારતીય દૂતાવાસના સૂત્રોએ પીટીઆઈને જણાવ્યું કે તે ૨૪ કલાક નાગરિકો માટે ઉપલબ્ધ છે અને સક્રિય રૂપથી તેનું માર્ગદર્શન કરી રહ્યાં છે.

### કોઈનો કિંમતી જીવ ન જવો જોઈએ : કેન્દ્રિય શિક્ષણ મંત્રી

## વર્ષમાં બે વાર ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપવાની જરૂર નથી

। નવી દિલ્હી, તા.૮ ।

ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓને લઈને મોટું નિવેદન આપ્યું છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ કહ્યું કે, 'વર્ષમાં બે વખત ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં સામેલ થવું જરૂરી નથી.' તેમણે કહ્યું કે, તે સંપૂર્ણપણે વૈકલ્પિક હશે અને તેનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં બોર્ડની પરીક્ષાના તણાવને ઘટાડવાનો છે.

ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું કે, "સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ ઓફ એજ્યુકેશન (ઝછમ્ઈ)નું પુનર્ગઠન કરવામાં આવી રહ્યું છે કારણ કે તેનું જૂનું વર્ઝન ખૂબ વ્યાપક છે અને આજની શિક્ષા પ્રણાલીની માંગો અલગ છે.

### કેનેડામાં મુંબઈના બે યુવાનોને વિમાન દુર્ઘટના નડી

## તાલીમી વિમાન ક્રેશ : ભારતના બે યુવાન ટ્રેઈની પાઈલટના મોત

। ઓટાવા, તા.૮ ।

કેનેડામાં ગઈકાલે એક તાલીમી વિમાનને અકસ્માત નડતા તેમાં ત્રણ વ્યક્તિના મોત નિપજ્યાં હતા જેમાં બે ભારતીય યુવાનો છે જેઓ પાઈલટની તાલીમ લઈ રહ્યા હતા. ટ્રેઈનર પ્લેન ક્રેશમાં અભય ગડરૂ અને યશ વિજય રામુગડે નામના બે ભારતીય પાઈલટ માર્યા ગયા છે. આ ઉપરાંત એક ત્રીજા પાઈલટનું પણ મોત નિપજ્યું છે. કેનેડાના બ્રિટિશ કોલંબિયા ખાતે આ પ્લેન ક્રેશ થયું હતું જેમાં માર્યા જનારા બંને ભારતીય પાઈલટ મુંબઈના હતા. તેઓ ટ્વિન એન્જિન લાઈટ એરક્રાફ્ટ પાઈપર પીએ-૩૪ સેનેકા ઉડાવી રહ્યા હતા ત્યારે વિમાન એક મોટેલની પાછળ ઝાડ સાથે ટકરાયું હતું. આ દુર્ઘટના વેનકુંવરથી લગભગ ૧૦૦ કિમી દૂર બની હતી.

## ૧૪ ઓક્ટોબર સુધી ઈઝરાઈલ જનારી તમામ ફ્લાઈટ કેન્સલ થઈ

**અઠવાડિયામાં પાંચ દિવસ એર ઈન્ડીયાની ફ્લાઈટ ઈઝરાઈલમાં ઓપરેટ થાય છે**

। નવી દિલ્હી, તા.૮ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધની વચ્ચે એર ઈન્ડીયાએ ઈઝરાઈલ જનારી તેની તમામ ફ્લાઈટ્સ કેન્સલ કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય બાદ ૧૪ ઓક્ટોબર ૨૦૨૩ સુધી ઈઝરાઈલમાં એર ઈન્ડીયાની એક પણ ફ્લાઈટ ઓપરેટ નહીં થાય. એરલાઈન દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેલ અવીવથી આવતી-જતી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. અમારા મુસાફરો અને ક્રૂની સલામતી માટે, અમારી ફ્લાઈટ્સ આજદિન સુધી સ્થગિત રહેશે. કંપનીના પ્રવક્તાએ એમ પણ કહ્યું હતું કે ૧૪ ઓક્ટોબર ૨૦૨૩ સુધીના સમયગાળા માટે જે લોકોએ રિઝર્વેશન કરાવ્યું છે તેમની મદદ માટેના શક્ય હોય તેટલા પ્રયાસો કરાશે. એર ઈન્ડિયા અઠવાડિયામાં દર પાંચ દિવસે દિલ્હીથી તેલ અવીવની પાંચ ફ્લાઈટ્સનું સંચાલન કરે છે.




સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743



**ન્યૂઝ બ્રિફ**

### જુનાગઢના ઓસા ઘેડ ગામમાં ગાંજાનું વાવેતર કરતો એક શખ્સ ઝડપાયો

। જુનાગઢ, તા.૮ ।

જુનાગઢના ઓસા ઘેડ ગામમાં ગાંજાનું વાવેતર કરતો એક શખ્સ ઝડપાયો છે. જીંય્ને ઓસા ઘેડ ગામે ગાંજાનું વાવેતર કરાયુ હોવાની બાતમી મળી હતી. આ બાતમીને આધારે દરોડા કરતા ત્યાંથી ૩૪ ગાંજા છોડ અને ૬૩ ગ્રામ સૂકો ગાંજો મળી આવતા એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. ફરી ઝડપાયું છે ગાંજાનું વાવેતર. જુનાગઢના ઓસા ઘેડ ગામમાં ગાંજાનું વાવેતર કરતો શખ્સ ઝડપાયો છે. SOG પોલીસે બાતમીના આધારે દરોડા પાડતા ગાંજાના ૩૪ લીલા છોડ અને ૬૩૦ ગ્રામ સુકો ગાંજો મળી આવ્યો. આધેડે પોતાના ઘરમાં જ ગાંજાનું વાવેતર કર્યું હતું. ઉલ્લેખનીય છે કે કે આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને અગાઉ ૨૦૦૨માં હત્યાના કેસમાં જેલની સજા ભોગવી ચુક્યો છે. છેલ્લા ૫ વર્ષથી જેલમાંથી છૂટી ગાંજાનું વેચાણ કરતો હતો. પોલીસે ૧.૮૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. ૬૨ વર્ષિય નરસી ખાખરા નામનો શખ્સ ગાંજાનો વેપાર કરતો હોવાની પોલીસને બાતમી મળી હતી. જેના આધારે દરોડા કરતા તેના ઘરેથી ૬૩૦ ગ્રામ સુકો ગાંજો અને ગાંજાના લીલા છોડ મળી આવ્યા હતા.

### આણંદમાં ડાકોર તરફથી પૂર ઝડપે આવતી કારનો ગંભીર અકસ્માત સર્જાયો

। આણંદ, તા.૮ ।

આણંદમાં ડાકોર તરફથી પૂર ઝડપે આવતી કારનો ગંભીર અકસ્માત સર્જાયો છે. એક્ટિવા ચાલકને બચાવવા જતાં કાર પલટી હતી. ડાકોર ઉમરેઠ રોડ પર આવેલા અર્થ પેટ્રોલ પંપ સામેની આ ઘટના છે. અકસ્માતની આ ઘટનાના સમગ્ર CCTV કેમેરામાં કેદ થયા છે. આણંદમાં એક્ટિવા ચાલકની બેદરકારીથી એક કાર પલટી જવાની ઘટના બની છે. ડાકોર તરફથી એક કાર જઈ રહી હતી. તે સમયે, રસ્તાની વચ્ચે એક્ટિવા ચાલક આવી ગયો તેને બચાવવા જતા કાર ડિવાઈડરને અથડાયા બાદ રોડની બીજી તરફ પલટી ખાઈને પડી હતી. ડાકોર ઉમરેઠ રોડ પર આવેલા અર્થ પેટ્રોલ પંપ સામે આ અકસ્માત થયો હતો. સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જોકે, સદનસીબે, તેમાં તમામ લોકોનો આબાદ બચાવ થયો છે. અકસ્માતની આ જે સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ છે.





નવરાત્રિની જીએમડીસી ગ્રાઉન્ડમાં તડામાર તૈયારીઓ ચાલી રહેલ છે, જેમાં અટલ ફૂટ બ્રિજ બનવાઈ રહ્યો છે.

**નવરાત્રીને પગલે અમદાવાદ મેડિકલ એસોસિએશનની તડામાર તૈયારી । હાર્ટ એટેકના બનાવને લઇ ખેલૈયાઓ માટે તબીબો તૈનાત રહેશે**

# અમદાવાદ મેડિકલ એસોસિએશને ૨૬ હોસ્પિટલનું લીસ્ટ જાહેર કર્યું

। અમદાવાદ, તા.૮ ।

રાજ્યમાં વધતા હાર્ટ એટેકના કિસ્સાઓને લઈ નવરાત્રીના સમય દરમિયાન મેડિકલ એસોસિએશન સજાગ અને સજ્જ બન્યું છે. નવરાત્રીને પગલે અમદાવાદ મેડિકલએસોસિએશનની તડામાર તૈયારીઓ છે. આ સમય હાર્ટ એટેકના બનાવને લઈ ખેલૈયાઓ માટે તબીબો તૈનાત રહેશે. જેને લઈ અમદાવાદ મેડિકલ એસોસિએશને ૨૬ હોસ્પિટલનું લીસ્ટ જાહેર કર્યું છે. મેડિકલ એસોસિએશને હોસ્પિટલના નામ સાથે નંબર પણ જાહેર કર્યા છે.

● અમદાવાદમાં તમામ જગ્યાએ નવરાત્રીના સમય દરમિયાન ઈમરજન્સી સારવાર મળી રહેશે. શહેરના તમામ એરિયા પ્રમાણે હોસ્પિટલો નક્કી કરાઈ અને હાસ્પિટલમાં ઝેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ગરબા રમતી વખતે હાર્ટ એટેક આવે તો તાત્કાલિક સારવાર મળી રહે તેના માટે શહેરમાં મેડિકલ એસોસિએશન દ્વારા ૨૬ હોસ્પિટલોનું નંબર સાથેનું લિસ્ટ પણ જાહેર કરાયું છે. જો તમને બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, હૃદયની સમસ્યાઓ વગેરે જેવા રોગો હોય તો લાંબા સમય સુધી ગરબા રમવાનું ટાળવું જોઈએ.

● તમારી નિયમિત દવાઓ લેવાનું ચૂકશો નહીં. યોગ્ય લાગે તો એકવાર તમારા ડૉક્ટરની મુલાકાત લેવી જોઈએ અને ગરબા માટે તેમની મંજૂરી મેળવી જોઈએ

● જે વ્યક્તિઓ નિયમિત વ્યાયામ નથી કરતા અને ૪૦ વર્ષથી વધુ ઉંમરના હોય છેઃ બ્લડ પ્રેશર અને અથવા ડાયાબિટીસ અને અથવા ધૂમ્રપાન અને અથવા હૃદયની સમસ્યાઓનો કૌટુંબિક ઈતિહાસ હોય તેઓએ ગરબા કરતા પહેલા હૃદયની તપાસ કરાવી યોગ્ય રહશે.

● જો તમને ગરબા રમતી વખતે ચક્કર આવે, છાતીમાં ભારેપણું આવે, માથાનો દુખાવો થતો હોય, ઉલટી જેવું થાય, પરસેવો સાથે ગભરામણ થાય, મૂંઝારો થાય, શ્વાસોશ્વાસની તકલીફ થાય તો તરત જ ગરબા રમવાનું બંધ કરી બેસી જજો. જો લક્ષણો વધે તો તરત જ ડૉક્ટર પાસે જાઓ.

● કૃપા કરીને પૂરતું પાણી લો, દિવસમાં ઓછામાં ઓછું ૩ લિટર પાણી પીવું સારું છે. ગરબા રમતી વખતે વારંવાર પાણી અથવા લીંબુ પાણી અથવા જ્યુસ પીવો.

● કેળું અથવા નાળિયેર પાણી અથવા મખાના જેવો પોટૅશિયમ અને મેગ્નેશિયમ સમૃદ્ધ ખોરાક ખાઓ. ગરબા રમતા પેહલા પેટ ભરીને ખોરાક ના લેશો.

● તમને કોઈ બીમારી હોય તો તમારા સાથે લોકોને તેની જાણ કરશો જેથી કોઈ સ્વાસ્થ્યની તકલીફ ઊભી થાય તો તાત્કાલિક મદદ કરી શકે.

**ગરબા આયોજકો આ ધ્યાનમાં રાખો**

● જો શક્ય હોય તો ગરબા સ્થળ પર પ્રાથમિક સુવિધા સાથે ફરજ પરના ડૉક્ટરને રાખવું યોગ્ય રહશે.

● નજીકની હોસ્પિટલ સાથે ઔપચારિક જોડાણ કરો, કોઈ ઘટના બને તો તાત્કાલિક હોસ્પિટલને જાણ કરવી.

● તમારા સપોર્ટ સ્ટાફ, સુરક્ષા કર્મીઓને CPR ટેકનિકની તાલીમ આપો.

● ગરબાના સ્થળે વધુ જગ્યાએ પાણીની વ્યવસ્થા રાખો.

● ઘટનાના કિસ્સામાં એમ્બ્યુલન્સના પ્રવેશ અને બહાર નીકળવા માટે સમર્પિત માર્ગ અને સંકેત રાખો

● બને તેટલી વધારે જગ્યા પર અને વંચાય તેવા મોટા અક્ષરોમાં ઈમરજન્સી કોન્ટેક્ટ નંબર લખેલા બોર્ડ લગાવશો.

● ગરબાએ આપણા ગુજરાતનું જીવન છે, આપણે બધાને તેનો સંપૂર્ણ આનંદ માણવો ગમે છે. તે આપણને દૈવી શક્તિ સાથે જોડવામાં મદદ કરે છે. પરંતુ આ કપરા સમયમાં સાવચેતી રાખવી જરૂરી છે, કૃપા કરીને કેટલાક મૂળભૂત નિયમોનું પાલન કરો.

## જુનાગઢમાં ચાર દિવસ પહેલા જ સમારકામ કરાયેલા રોડ પરથી કપચી ઉખડવા લાગી

। જુનાગઢ, તા.૮ ।

જુનાગઢમાં ચોમાસા દરમિયાન તૂટી ગયેલા રસ્તાના સમારકામમાં પણ ખરાબ ગુણવત્તાના આરોપ લાગ્યા છે. CM ભૂપેન્દ્ર પટેલ ઉપરકોટના લોકાર્પણ માટે આવ્યા હતા. ત્યારે મોતીબાગથી ભવનાથ અને મધુરમ ગેટથી ભાજપ કાર્યાલયના રોડ પર ખાડા પૂરવામાં આવ્યા. પરંતુ ચાર-પાંચ દિવસમાં જ સમારકામ સ્થળેથી કપચીઓ ઉખડી ગઈ છે. આ કપચીને પગલે બાઈક સ્લિપ થઈ જવાના બનાવ બન્યા છે. કપચી અને ધૂળ ઉડતા લોકો પરેશાન થઈ રહ્યા છે. જુનાગઢની પ્રજાની હાલાકી મુદ્દે મેયરે કહ્યું કે દિવાળી પહેલા તમામ તૂટેલા રસ્તા યોગ્ય થઈ જશે. જૂનાગઢના મેયર ગીતા પરમારે કહ્યું એક-બે સ્થળે તો રોડનું સમારકામ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. એક સ્થાનિકે ત્યાં સુધી આરોપ લગાવ્યો છે કે ઉપરકોટનું લોકાર્પણ કર્યા બાદ મુખ્યમંત્રીના જવાની સાથે જ જે રોડનું સમારકામ કરાયુ ત્યાં કાંકરીઓ ખરવા લાગી અને ઘણી ખરી જગ્યાએ રોડ પર ખાડા પુરવા માટે જે પેચવર્ક કરાયુ હતુ. તે પોપડા સ્વરૂપે બહાર આવ્યુ છે. જેના પરથી સમજી શકાય છે કે કેટલી હદે હલકી ગુણવત્તાનું મટિરિયલ વાપરી રોડને થીગડા મારવાનો પ્રયાસ કરાયો હતો. હાલ રોડ ફરી બિસ્માર બન્યા છે, જેના કારણે નાના વાહનચાલકોને ભારે સમસ્યાનો સામનો કરવો પડે છે. રોડ પરથી કપચીઓ ઉખડવા લાગતા જો ધ્યાન ન રાખે તો ટુવ્હીલર સ્લીપ થવાની પણ શક્યતા રહેલી છે.

## બાળકોને અપાતા મધ્યાહન ભોજનના તેલના નમૂના ફેલ

। ભાવનગર, તા.૮ ।

ભાવનગર મહાનગરપાલિકા સંચાલિત સરકારી શાળાઓમાં મધ્યાહન ભોજનમાં અક્ષય પાત્ર સંસ્થા દ્વારા ભોજન આપ વામાં આવે છે, આ સંસ્થામાંથી મહાનગરપાલિકા સેફટી વિભાગ દ્વારા લેવામાં આવેલા તેલના નમૂના સબ સ્ટાન્ડર્ડ જાહેર થયા છે, તેને લઈ મેન્યુફેક્ચરિંગ કંપની અને અક્ષયપાત્ર સંસ્થાને મહાનગરપ ાલિકા વિભાગ દ્વારા દંડ કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકા ની શિક્ષણ સમિતિ નીચે આવતી ૫૭ શાળાઓના ૨૨૦૦૦ બાળકો ને અક્ષયપાત્ર નામની સંસ્થા દ્વારા ભોજન બનાવીને પીરસવામાં આવે છે. બાળકોને ગુણોત્તર યુગ અને પોષણયુક્ત ભોજન મળી રહે તે માટે સરકાર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવતા હોય છે આમ છતાં પણ બાળકોને આખાદ્ય ખોરાક જાણે અજાણ્યે પીરસાઈ જતો હોય છે.જેના માટે મહાનગરપાલિકા દ્વારા સમય અંતરે આ અક્ષરપાત્ર સંસ્થામાંથી ખાદ્ય સામગ્રી ના નમુના લેવામાં આવતા હોય છે.

જેમાં ફેબ્રુઆરી માસ દરમિયાન મહાનગરપાલિકા દ્વારા ખાદ્યતેલના નુમાન લેવામાં આવ્યા હતા, ફૂડ સેફટી વિભાગ દ્વારા પામોલીન તેલના સીલ બંધ તેલના ડબા માથી લેવામાં આવેલા તેલના નમૂના લેબોરેટરીમાં સબ સ્ટાન્ડર્ડ જાહેર થતાં મહાનગર પાલિકામાં દ્વારા તેમનું ઉત્પાદન કરતી ગુજરાત અંબુજા નામની કંપનીને એક લાખ રૂપિયા નો દંડ કરવામાં આવ્યો છે.

## Bolavની ફેક્ટરીમાં Kim પોલીસે શંકાસ્પદ ઘી નો જથ્થો સીઝ કર્યો

। સુરત, તા.૮ ।

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના બોલાવ ગામની જીઆઈડીસીમાં ઘી ના ઉત્પાદન સાથે સંકળાયેલી શંકાસ્પદ ફેકટરીમાં કીમ પોલીસે તપાસ શરૂ કરી છે. ઘી ના કારોબાર સાથે સંકળાયેલી ફેક્ટરીમાં લાખો રૂપિયાનો મુદ્દામાલ સીઝ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સામાન્યરીતે આપણે ઘી ને શક્તિવર્ધક અને પોષણયુક્ત ખોરાક તરીકે આરોગીએ છે પણ તમે સીલપેક ટીનમાંથી પણ અખાદ્ય પદાર્થ આરોગી સ્વસ્થ્યને નુકસાન પહોંચાડતા હોય તો નવાઈ નહીં? આવોજ એક શંકાસ્પદ મામલો ઓલપાડમાં સામે આવ્યો છે. પોલીસે એક ઘી ના વેપાર સાથે સંકળાયેલી ફેકટરીમાં તપાસ હાથ ધરી ઘી ની ગુણવત્તા જાણવા FSL ની મદદ લીધી છે. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના બોલાવ જીઆઈડીસી વિસ્તારમાં ખાદ્ય પદાર્થની શંકાસ્પદ ફેકટરી ચાલતી હોવાની બાતમી કીમ પોલીસને મળતાં કીમ પોલીસ મથકના પીએસઆઈ વી.આર ચોસલાએ સ્ટાફ સાથે રેડ કરી હતી. પોલીસ ફેકટરીમાં પહોંચી ત્યારે ફેકટરીમાં ઘી નો ખુબ મોટો જથ્થો મળી આવ્યો હતો. આ જોઈ પોલીસે શંકા અનુભવી હતી. એવી શંકા છે કે હલકી ગુણવત્તાના મટીરીયલ ભેળવી ઘી તૈયાર થતું હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં અનુમાન લગાવી રહી છે. કીમ પોલીસે તાત્કાલિક FSL ની ટીમ બોલાવી શંકાસ્પદ ઘી ના સેમ્પલ લેવડાવ્યા હતા.

**વિશેષ લેખ**

**૨૦૨૩નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર નોર્વેના લેખક જોન ફોસેને અપાયો છે**

# અભિનવ નાટકો અને ગદ્યરચના માટે આ સર્વોત્તમ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ




૨૦૨૩ માટે સાહિત્ય ક્ષેત્રમાં નોબેલ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે. ૨૦૨૩નો નોબેલ પુરસ્કાર નોર્વેના લેખક જોન ફોસેને અપાયો છે. તેમણે તેમના અભિનવ નાટકો અને ગદ્ય માટે આ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. ગત વર્ષે વર્ષ ૨૦૨૨નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર ફ્રેન્ચ લેખિકા એની અર્નોને આપવામાં આવ્યો હતો. સાહિત્યિક નોબેલ પુરસ્કાર વિજેતા જ્હોન ફોસે ફોસ મિનિમલિઝમ તરીકે ઓળખાતી શૈલીમાં નવલકથાઓ લખી છે. આ તેમની બીજી નવલકથા સ્ટેન્જ્ડ ગિટારમાં જોઈ શકાય છે.મિસ્ટર ફોસએ વિશ્વના સૌથી લોકપ્રિય નાટ્યલેખકોમાંના એક છે.અને ગદ્ય શૈલીમાં પણ તેમણે નોંધપાત્ર છાપ ઉભી કરી છે. ફોસના કાર્યોનો મુખ્ય વિષય માનવ સ્થિતિ છે. નોબેલ પુરસ્કાર સમિતિએ જણાવ્યું હતું કે જ્હોન ફોસ રોજિંદી પરિસ્થિતિઓને રજૂ કરે છે.જે સામાન્ય રીતે લોકોના જીવનમાં જોઈ શકાય છે. તેઓ માનવીય સંવેદનાઓને ખૂબ સરળ શબ્દોમાં વ્યક્ત કરે છે. તેમની કૃતિઓ ડઝનેક ભાષાઓમાં અનુવાદિત થઈ છે અને સમગ્ર વિશ્વમાં કરવામાં આવી છે.જોકે સ્પેનિશમાં તેમની ઘણી કૃતિઓ અનુવાદિત નથીથઈ. જોન ફોસ, થિયેટર ઉપરાંત, નવલકથાઓ, નિબંધો, કવિતા અને બાળ સાહિત્યના લેખક છે.

જોન ઓલાવ ફોસનો જન્મ ૧૯૫૯માં હોગેસુન્ડ (નોર્વે)માં થયો હતો. તે સમકાલીન સમયના સૌથી વધુ મૂલ્યવાન નાટ્યલેખકોમાંના એક છે. તેમની નાટ્ય રચનાઓ સમગ્ર વિશ્વમાં કરવામાં આવી છે અને તેમની નવલકથાઓ ચાલીસથી વધુ ભાષાઓમાં અનુવાદિત કરવામાં આવી છે. તેમને પહેલાથી જ વિવિધ પુરસ્કારો મળી ચૂક્યાં છે, જેમ કે ફ્રાન્સમાં નેશનલ ઓર્ડર ઓફ મેરિટ, સ્વીડિશ એકેડેમી નોર્ડિક પુરસ્કાર, તેમના થિયેટર કાર્ય માટે ઈબ્સેન એવોર્ડ, બાળકો અને યુવા સાહિત્યમાં તેમના યોગદાન માટે યુરોપિયન પુરસ્કારોપણ મળ્યાં છે.

જોન ફોસે ફેડેરિકો ગાર્સિયા લોકોના કામના ઊંડા પ્રશંસક છે. લેખકને સ્પેનિશ આવડતું ન હોવા છતાં અને તેનું વાંચન અનુવાદો પર આધારિત હોવા છતાં તેણે તેને વાંચ્યું છે અને સ્વીકાર્યું છે.નોર્વેજીયન ભાષામાં લખે છે અને ખાસ કરીને આ ભાષાની બોલીમાં જે પહેલાથી જ ઓછા બોલનારા છે તેવા લેખકને આવો સુસંગતતાનો પુરસ્કાર આપવો એ એક પડકાર છે. એ કારણે સાહિત્યના આ નોબેલ પારિતોષિક સાથે, અનુવાદ અને લઘુમતી ભાષાઓની શોધ તરફખાસ ધ્યાન દોરાયું છે. પત્રોના નવીકરણ જેવું અને જોન ફોસની જેમ ઝીણવટભર્યું કામ, લેખકના કાર્યની બહાર સંપાદન, અનુવાદ અને સાહિત્યિક પ્રતિભાને મહત્ત્વ આપવાની જરૂરિયાત દર્શાવે છે. સ્વીડિશ એકેડમીએ આ પ્રસંગે નોર્ડિક લેખકને પુરસ્કાર આપવાનું નક્કી કર્યું છે, તેમની વિશિષ્ટતાઓમાં, એક લેખક તરીકે તેઓ રચનાત્મક સ્વતંત્રતા માટેના સ્વરૂપ, સામગ્રી અને આદરની જાગૃતિ પ્રસારિત કરવામાં સક્ષમ છે.. આ રીતે એકેડમીએ પોતાનો ચુકાદો જાહેર કર્યો છે.

લેખકની પ્રથમ પ્રકાશિત કૃતિ એક નવલકથા છે લાલ, કાળો આ પછી તેમના તમામ નાટકો, વાર્તાઓ, બાળસાહિત્ય, નવલકથાઓ, નિબંધો અથવા કવિતાઓ દ્વારા તેમના સાહિત્યિક નિર્માણની ગણતરી ડઝનેકમાં થાય છે.. તેમના ગદ્ય અને નાટકીય કાર્યોએ તેમને ચર્ચામાં લાવ્યા. તેમની કવિતા નિર્ણાયક રીતે તેમના ગદ્ય, તેમજ તેમની નાટ્યશાસ્ત્રને પ્રભાવિત કરે છે, કારણ કે ત્યાં એક માપેલ ગીતવાદ છે જેનો ઉપયોગ લેખક તેની રચનાઓ માટે કરે છે. આ રીતે, કાવ્ય શૈલીની સંવેદનાત્મકતા અને લાક્ષણિકતાનો લય અનુભવાય છે. એમ કહી શકાય ફોસને વાંચવું એટલે સાહિત્યિક લૂપમાં પ્રવેશવું. જેમાંથી વાચકો સરળતાથી છટકી શકશે નહીં.

અત્યાર સુધી સાહિત્યમાં કુલ ૧૧૨ નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યા છે જેમાંથી ૭ વાર એક પણ નોબેલ ફાળવવામાં આવ્યો નથી. ઈસ ૧૯૧૪, ૧૯૧૮, ૧૯૩૫, ૧૯૪૦, ૧૯૪૧, ૧૯૪૨અને ૧૯૪૩માં સાહિત્યનો નોબેલ માટે લાયકાત ધરાવતી વ્યકિત મળી ન હતી. સાહિત્યના નોબેલ પારિતોષિકમાં ચાર વાર એવું પણ બન્યું છે જેમાં બે વ્યકિતઓને સંયુકત આપવામાં આવ્યો છે. નોબેલ પુરસ્કાર સંયુકત આપવામાં આવ્યો હોય તેવી સાહિત્યની કેટેગરીમાં અન્ય કેટેગરીની સરખામણીમાં ઓછી ઘટના બની છે.૧૯૦૪માં ફેડ્રિક મિસ્ટ્રલ અને જોસ ઈશેગેર, ૧૯૧૭માં કાર્લ ગજેલરપ અને હેનરિક પોંટોપિદાન, ૧૯૬૬માં શેમ્યુઅલ એગ્નોન અને નેલી સેકસ ૧૯૭૪માં એવિંડ જોનસન અને હૈરી માર્ટિનસનનો સમાવેશ થાય છે. ૧૯૦૧થી ૨૦૧૯ સુધીમાં સાહિત્યના નોબેલ પુરસ્કારથી કુલ૧૧૬ સાહિત્યકારને સન્માનિત થયા છે.

નોબેલ વિજેતા તમામ સાહિત્યકારોનું સરેરાશ આયુષ્ય ૬૫ વર્ષ છે. જંગલુકના સર્જક રુડયાર્ડ કિપલિંગ ૪૧ વર્ષની સૌથી નાની વયે સાહિત્યનું નોબેલ પારિતોષિક મેળવ્યું છે. કિપલિંગ ૧૯૦૭માં નોબેલથી સન્માનિત થયા હતા. સૌથી મોટી ઉંમરે સાહિત્યનું નોબલ મેળવનારામાં ડૉરિસ લેસિંગનો સમાવેશ થાય છે તેમણે ૮૮ વર્ષની ઉંમરે નોબેલ પારિતોષિક મેળવ્યો હતો. છેલ્લા ૧૧૮ વર્ષમાં કુલ ૧૪ મહિલાઓને સાહિત્યનો નોબેલ પુરસ્કાર મળ્યો છે. ૧૯૦૯માં સ્વીડીશ લેખિકા સેલ્મા લેગરેલ્ફ સાહિત્યનું નોબેલ મેળવનારા પ્રથમ મહિલા હતા. સેલ્મા લેગરેલ્ફને સ્વીડીશ અકાદમીએ સાહિત્યના નોબેલ માટેની કમિટીમાં પસંદગી થયાના પાંચ વર્ષ પહેલા નોબેલ આપ્યો હતો. ૧૯૬૪માં જીન પૉલ સાત્રએ નોબેલ પુરસ્કાર સ્વીકાર્યો ન હતો

નોબેલ પુરસ્કાર માટે જીવન ભર સખત પરીશ્રમ કરવો પડે છે પરંતુ વિશ્વના સર્વશ્રેષ્ઠ પુરસ્કારને નકાર્યો હોવાની પણ ઘટનાઓ બની છે જેમ કે ૧૯૫૮માં સાહિત્યનો નોબેલ પુરસ્કાર બોરિસ પાસ્ટરનાકે સ્વીકાર કર્યો એ પછી પોતાના દેશ સોવિયત સંઘના ઓફિસર્સ દ્વારા સૂચના મળતા નોબેલનો અસ્વીકાર કર્યો હતો. સાહિત્યમાં ૧૯૬૪માં નોબેલ પુરસ્કાર જીન પૉલ સાત્રએ નોબેલનો સ્વીકાર કર્યો ન હતો. પૉલ સાત્રની ખાસિયત રહી છે કે તેમણે જીવનમાં મોટા ભાગના સન્માનનો સ્વીકાર કર્યો નથી. ૧૯૫૩માં વિન્સ્ટન ચર્ચિલને સાહિત્યનો નોબેલ મળ્યો હતો.

બીજા વિશ્વયુધ્ધ દરમિયાન બ્રિટનનું નેતૃત્વ સંભાળીને યુધ્ધમાંથી સાંગોપાગ બહાર કાઢનારા વિન્સેન્ટ ચર્ચિલને નોબેલનો શાંતિ પુરસ્કાર મળ્યો હોવાનું ઘણા માને છે પરંતુ વાસ્તવમાં ૧૯૫૩માં તેમને સાહિત્યના નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૯૪૫ થી ૧૯૫૩ દરમિયાન વિંસ્ટન ચર્ચિલને સાહિત્યના પુરસ્કાર માટે ૨૧ અને નોબેલ શાંતિ પુરસ્કાર માટે બે વાર નોમિનેશન મળ્યું હતું. ભારતમાં સાહિત્યનું નોબેલપારિતોષિક ૧૯૧૩માં રવીન્દ્રનાથ ટાગોરને મળ્યું હતું. બંગાળી અને અંગ્રેજીમાં તેઓ સાહિત્ય સર્જન કરતા હતા. ૧૯૩૧માં સાહિત્યમાં નોબેલ પુરસ્કાર મરણોપરાંત એરિક એકસલ કાર્સફેલ્ડટને મળ્યો હતો.૧૯૭૪માં નોબેલ ફાઉન્ડેશન દ્વારા મરણોપરાંત નોબેલ નહી આપવાનું નકકી કરવામાં આવ્યું છે. જો કે નોબેલની જાહેરાત થઈ હોય એ પછી અવસાન થાય તો મરણોપ રાંત પણ પુરસ્કાર આપવામાં આવે છે. આવી જ રીતે ૧૯૬૧નું શાંતિ પુરસ્કાર પણ મરણોપરાંત જાહેર થયું હતું. ૬૪ વર્ષના ફોસેએ પહેલું પુસ્તક આત્મહત્યા જેવા ગહન અને સંવેદનશીલ મુદ્દા પર લખ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ફોસેએ ૪૦ જેટલી નવલકથા, ટૂંકી વાર્તા, બાળકોના પુસ્તકો, કવિતા અને નિબંધ લખ્યા છે.





## ઈઝરાયલ-પેલેસ્ટાઈન વચ્ચે યુદ્ધ જારી । ભારતીયો સલામત રહે તે માટે વિદેશ મંત્રાલય સાથે સંપર્ક જારી

# ભારતના ૨૭ યાત્રાળુ જેરુસલેમમાં ફસાયા, પરિવારજનોને સેફ્ટીની ચિંતા

। જેરુસલેમ, તા.૮ ।

ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે ગઈકાલથી ધમાસાણ યુદ્ધ શરૂ થયું છે અને બંને પક્ષે સેંકડો લોકો માર્યા ગયા છે. આ દરમિયાન ભારતથી ઈઝરાયલ ગયેલા કેટલાક યાત્રાળુઓ પણ ફસાઈ ગયા છે. મેઘાલયના ૨૭ યાત્રાળુ જેરૂસલેમ ગયા હતા પરંતુ ઈઝરાયલમાં ઈમરજન્સીની સ્થિતિ હોવાથી તેમના માટે બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે. ઈઝરાયલમાં ફસાયેલા ભારતીયોએ સહીસલામત સ્વદેશ પરત આવવા માટે મદદ માંગી છે.

આ ઉપરાંત બીજા ભારતીયો પણ ઈઝરાયલમાં ટુરિસ્ટ તરીકે ગયા છે અને હવે તેઓ સોશિયલ મીડિયા પર હેલ્પ માંગી રહ્યા છે. ગાઝાપટ્ટીમાં સત્તા સંભાળતા હમાસે શનિવારે વહેલી સવારે ઈઝરાયલ પર એક સાથે ૫૦૦૦ રોકેટ ફાયર કર્યા હતા અને ઈઝરાયલના રહેણાક વિસ્તારોમાં ઘુસી ગયા હતા. તેના કારણે લગભગ ૨૦૦ ઈઝરાયલીઓના મોત થયા છે. ઈઝરાયલે પણ યુદ્ધની જાહેરાત કરીને વળતો બોમ્બમારો કર્યો જેમાં પેલેસ્ટાઈનના ૨૦૦થી વધુ લોકો માર્યા ગયા છે.

મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમાએ જણાવ્યું કે તેમના રાજ્યના ૨૭ યાત્રાળુઓ જેરૂસલેમમાં ફસાઈ ગયા છે. તેઓ આ અંગે વિદેશ મંત્રાલય સાથે સંપર્કમાં છે અને ભારતીયોને સહીસલામત લાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. તાજા અહેવાલ પ્રમાણે ઈઝરાયલમાં ૧૦૦૦થી વધુ લોકોને ગંભીર ઈજાઓ થઈ છે અને તેઓ હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. હમાસના સેંકડો ત્રાસવાદીઓ હથિયારો સાથે ઈઝરાયલમાં ઘુસી ગયા છે અને તેમણે સૈનિકો તથા સામાન્ય લોકોની કત્લેઆમ કરી છે. ઈઝરાયલના દક્ષિણ ભાગમાં હજુ પણ લડાઈ ચાલુ છે તેથી મૃત્યુઆંક વધી શકે છે. ઈઝરાયલ ગયેલા પ્રસાદ નામના એક ભારતીયે કહ્યું કે અહીં હજારો રોકેટ ફેંકવામાં આવ્યા છે અને અમે બધા મુસીબતમાં છીએ. અમે ઘરની બહાર પણ નીકળી શકતા નથી અને ઘરની અંદર પણ જોખમ છે. અહીં યુદ્ધ જેવી પરિસ્થિતિ છે. ઈઝરાયલની સ્થાપના પછી ભારતથી મોટા ભાગના યહુદીઓ ઈઝરાયલ જતા રહ્યા છે. એક અંદાજ પ્રમાણએ હાલમાં ઈઝરાયલમાં ભારતીય મૂળના ૮૫,૦૦૦ યહુદીઓ વસવાટ કરે છે. ખાસ કરીને ૫૦ અને ૬૦ના દાયકામાં હજારોની સંખ્યામાં ભારતીય યહુદીઓ ઈઝરાયલ ગયા હતા.

તાજેતરમાં ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે નવેસરથી વધારો થયો છે. યહુદીઓ માટે શનિવારે તહેવારનો દિવસ હતો ત્યારે જ ગાઝા પટ્ટીમાંથી હમાસે હુમલો કરી દીધો છે જેનો અગાઉથી અંદાજ મેળવવામાં ઈઝરાયલની વિશ્વ વિખ્યાત સુરક્ષા એજન્સીઓ પણ નિષ્ફળ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ગાઝા પટ્ટીમાંથી જેટલી વખત રોકેટ છોડવામાં આવે ત્યારે ઈઝરાયલે તેનો જડબાતોડ જવાબ આપીને ગાઝા પર બોમ્બમારો કર્યો છે. પરંતુ આ વખતે ગાઝામાંથી જે હુમલો થયો તે ઘણો વધારે પ્રચંડ હતો.

## ઈઝરાયલના PMએ આપી દીધી છેલ્લી વોર્નિંગ

# ગાઝા છોડીને જતાં રહો, ખૂણે-ખૂણાને ટાર્ગેટ કરીશું

## રિઝર્વ લડાકૂઓ મેદાનમાં, હવે એરફોર્સ મચાવશે તાંડવ



। જેરુસલેમ, તા.૮ ।

ઈઝરાયેલમાં હમાસ દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. દાયકાઓમાં ઈઝરાયેલ પર આ સૌથી ખરાબ હુમલો છે, જેમાં ૩૦૦થી વધુ લોકોના મોત થયા છે. હુમલાના જવાબમાં હવે ગાઝા પટ્ટી પર ખતરનાક બોમ્બ ધડાકા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગાઝા પટ્ટીમાં મોટા પાયે જમીની હુમલાનો ભય વધી રહ્યો છે. ઈઝરાયેલની સેના આકરા હુમલાની તૈયારી કરી રહી છે, જેના કારણે તેમણે ગાઝા પટ્ટીના ઘણા ભાગોમાં પેલેસ્ટિનિયનોને તેમના ઘર છોડવા માટે કહ્યું છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ તેને નિર્જન ટાપુમાં ફેરવવાનું વચન આપ્યું છે. તેમણે જાહેરાત કરી છે કે હુમલા માટે જવાબદારોને ભારે કિંમત ચૂકવવી પડશે.પેલેસ્ટાઈનથી ઈઝરાયેલમાં લગભગ ૫૦૦૦ રોકેટ છોડવામાં આવ્યા હતા. આ પછી હમાસના લડવૈયાઓ સરહદ પાર કરીને જીપ, કાર અને પેરાગ્લાઈડિંગ દ્વારા દેશમાં પ્રવેશ્યા હતા. તેઓએ મુંબઈમાં ૨૬/૧૧ના હુમલાની જેમ લોકોને નિશાન બનાવવાનું શરૂ કર્યું. આ હુમલામાં અત્યાર સુધીમાં ૩૦૦ લોકોના મોત થયા છે. ઈઝરાયેલમાં એક છોકરીની હત્યા કર્યા પછી હમાસના આતંકવાદીઓએ તેના શરીરને નગ્ન કરીને કારમાં બાંધી અને તેને આજુબાજુ ફેરવી હતી. જોકે હવે આ યુવતીની ઓળખ થઈ ગઈ છે. જણાવવામાં આવી રહ્યું છે કે ૩૦ વર્ષની મહિલાનું નામ શનિ લુક છે જે જર્મન નાગરિક છે. તે એક મ્યુઝિક ફેસ્ટિવલમાં ભાગ લેવા ગાઝા પટ્ટી નજીક ઈઝરાયેલ પહોંચી હતી. આ તરફ ઈઝરાયેલી સેનાએ ગાઝા પર વિનાશક હુમલો કર્યો છે. ગાઝા પટ્ટીમાં થયેલા આ હુમલામાં ૨૩૦થી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા. ઈઝરાયલી દળો હજુ પણ ગાઝા પર બોમ્બમારો કરી રહ્યા છે. સિવાય રવિવારે સવારે ઈઝરાયેલના દક્ષિણી વિસ્તારોમાં હમાસના આતંકવાદીઓ સાથે લડાઈ ચાલુ રહી હતી. સેનાના પ્રવક્તાએ કહ્યું કે, દેશમાં સ્થિતિ હજુ પણ નિયંત્રણમાં નથી. હમાસના વડા મોહમ્મદ ડેઈફે કહ્યું કે, તેનો હુમલો અલ અક્સા મસ્જિદની અપવિત્રતા તેમજ પેલેસ્ટિનિયનો પર દાયકાઓથી ચાલતા જુલમનો જવાબ હતો. દુશ્મને સમજવું જોઈએ કે તેની ક્રિયાઓના ઘાતક પરિણામો આવશે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ યુદ્ધની સ્થિતિ જાહેર કરી છે. તેમણે અનામત સેનાને પણ બોલાવી છે. આ સિવાય તેણે હમાસ સાથે અંત સુધી લડવાનું વચન આપ્યું છે. તેમણે ગાઝાના ઘણા ભાગોમાં રહેતા પેલેસ્ટાઈનીઓને તાત્કાલિક વિસ્તાર છોડી દેવા કહ્યું છે. તેમણે એક સંબોધનમાં કહ્યું, આ કાળા દિવસનો અમે બદલો લઈશું. જે લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે તેનો અમે બદલો લઈશું. અમે હમાસના તમામ લક્ષ્યોને નિશાન બનાવીશું અને ગાઝાને નિર્જન ટાપુમાં ફેરવીશું. હું ગાઝાના નાગરિકોને કહું છું, તમારે હવે જવું પડશે. અમે ગાઝા પટ્ટીના દરેક ખૂણાને નિશાન બનાવીશું.

ગાઝામાં રહેતા ૨ મિલિયન લોકોએ તેમની રાત અંધારામાં વિતાવી. ઈઝરાયેલ દ્વારા આ વિસ્તારની લાઈટો કાપી નાખવામાં આવી હતી અને સતત બોમ્બમારો ચાલુ હતો. હમાસે ઈઝરાયેલ પર રોકેટ પણ છોડ્યા હતા, જેમાંથી ઘણાને હવામાં તોડી પાડવામાં આવ્યા હતા. ગાઝામાં મોટી સંખ્યામાં ઘાયલો છે, જેમની હોસ્પિટલોમાં ભીડ જોવા મળી રહી છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર ૨૩૨ લોકો માર્યા ગયા છે અને ઓછામાં ઓછા ૧,૭૦૦ ઘાયલ થયા છે. હમાસે કહ્યું કે, તેણે એટલા બધા ઈઝરાયલીઓને બંધક બનાવ્યા છે કે પેલેસ્ટિનિયન નાગરિકોને ઈઝરાયેલની જેલમાંથી મુક્ત કરી શકાય છે.

## સામાન્ય ચૂંટણી પહેલા નવો ઓપિનિયન પોલ સામે આવ્યો

# વિપક્ષી પાર્ટીઓ એક થઈને પણ મોદીનો વિજયરથ રોકી શકશે નહીં

## વિધાનસભાની ચૂંટણીથી લઈને લોકસભાની ચૂંટણી સુધી તમામની નજર NDA અને INDIA એલાયન્સ પર

। નવી દિલ્હી, તા.૮ ।

દેશમાં આવતા વર્ષે લોકસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીને સામાન્ય ચૂંટણીની સેમીફાઈનલ માનવામાં આવી રહી છે જેની જાહેરાત હવે ગમે ત્યારે થઈ શકે છે. વિધાનસભાની ચૂંટણીથી લઈને લોકસભાની ચૂંટણી સુધી તમામની નજર NDA અને INDIA એલાયન્સ પર છે. ભાજપની આગેવાની હેઠળ NDA ગઠબંધન હાલમાં સત્તામાં છે, જ્યારે કોંગ્રેસ અને જેડીયુ સહિત ૨૬ થી વધુ પક્ષોએ એકસાથે આવીને વિપક્ષી મોરચાની રચના કરી છે, જેને 'INDIA' નામ આપવામાં આવ્યું છે. આગામી વર્ષે યોજાનારી સામાન્ય ચૂંટણી પહેલા એક નવો ઓપિનિયન પોલ સામે આવ્યો છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે, જો આજે ચૂંટણી થશે તો કોની સરકાર બનશે. 'ઈન્ડિયા ટીવી' અને 'સીએનએક્સ'ના ચૂંટણી સર્વેમાં સતત ત્રીજી વખત મોદી સરકાર બનવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સર્વે મુજબ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની સરખામણીમાં આ વખતે ભાજપની સીટો ઘટી શકે છે, જ્યારે કોંગ્રેસની સીટો વધી શકે છે, પરંતુ NDA સરકાર બનાવશે. NDAને ૩૧૫ બેઠકો મળી શકે છે, જ્યારે INDIA ગઠબંધનને ૧૭૨ બેઠકો મળી શકે છે.

## રોડ એક્સિડન્ટમાં મૃત્યુઆંક ઘટશે

# ભારતમાં તમામ કાર, SUVમાં ૬ એરબેગ્સ સ્ટાન્ડર્ડ કરવા વિચારણા

## તેનાથી વાહનોની કિંમત વધી જશે, સુરક્ષાની ચિંતા હળવી થશે

। નવી દિલ્હી, તા.૮ ।

ભારતમાં જે રીતે અકસ્માતો થાય છે અને લોકો મૃત્યુ પામે છે તેના કારણે આપણા રસ્તા અને વાહનો દુનિયામાં સૌથી વધુ અસુરક્ષિત ગણાવા લાગ્યા છે. આ સ્થિતિ બદલવા માટે અને રોડ સેફટીમાં વધારો કરવા માટે કંપનીઓ વાહનમાં એર બેગ્સની સંખ્યા વધારવા વિચારી રહી છે. હાલમાં ભારતમાં બે એરબેગ્સ ફરજિયાત છે અને બહુ ઓછા વાહનોમાં ૬ એરબેગ્સ આવે છે. જોકે, હવે ટોચની ઓટો કંપનીઓ દરેક કાર અને એસયુવીમાં ૬ એરબેગ્સ સ્ટાન્ડર્ડ કરવા વિચારી રહી છે. તેનાથી વાહનોની કિંમત વધી જશે, પરંતુ એકંદરે સુરક્ષાની ચિંતા હળવી થશે. ભારતમાં દરરોજ જે એક્સિડન્ટલ ડેથ થાય છે તેમાંથી ઘણા મૃત્યુ એવા છે જે એરબેગ્સના કારણે ટાળી શકાય તેવા હોય છે. પરંતુ ભારત પ્રાઈસ સેન્સિટિવ માર્કેટ હોવાના કારણે લોકો ખર્ચ બચાવવા માટે ઓછી સેફ કાર ખરીદતા હોય છે. અત્યાર સુધી ભારતમાં પ્રીમિયમ અને લક્ઝરી કેટેગરીની કાર કે એસયુવીમાં જ ૬ એરબેગ્સ આપવામાં આવતી હતી, પરંતુ હવે મારુતિ, હ્યુન્ડાઈ, ટાટા, હોન્ડા, મહિન્દ્રા સહિતની માસ કંપનીઓ દરેક કારમાં ૬ એરબેગ્સ આપે તેવી શક્યતા છે. તેનું કારણ છે કે ભારતીય માર્કેટનું ચિત્ર બદલાઈ રહ્યું છે અને લોકો પણ સુરક્ષાની ફીચર્સને મહત્ત્વ આપવા લાગ્યા છે. મોટા પ્રમાણમાં એરબેગ્સનું ઉત્પાદન કરવાથી તે વધુ એફોર્ડેબલ બનશે અને એવરેજ કારનો ભાવ એટલો બધો નહીં વધે. ગયા મહિને સરકારે સ્પષ્ટતા કરી હતી કે ભારતમાં ૬ એરબેગ્સ ફરજિયાત નથી.

# હિમાચલ પ્રદેશના માન. રાજ્યપાલ શિવ પ્રતાપ શુક્લાએ એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સરદાર સરોવર ડેમની લેડી ગવર્નર સાથે ભાવસભર મુલાકાત લીધી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાના નિર્માણ અને તેમણે કરેલા કાર્યોને પ્રદર્શનમાં સુંદર રીતે પ્રદર્શિત કરાયા અને ફિલ્મ દ્વારા દેશની અખંડિતતા માટે કરેલા કાર્યો અહીં પ્રસ્તુત કરાયા છે તેને નિહાળીને માન. રાજ્યપાલઅભિભૂત થયા

હિમાચલ પ્રદેશના મહામહિમ રાજ્યપાલશ્રી શિવ પ્રતાપ શુક્લા અને લેડી ગવર્નર શ્રીમતી જાનકી શુક્લા અને તેમની સાથે પધારેલા મહેમાનો વડોદરાથી એકતાનગર વી.વી.આઈ.પી. સર્કિટ હાઉસ ખાતે આવી પહોંચતા નાંદોદના પ્રાંત અધિકારીશ્રી શૈલેષ ગોકલાણી અને નાયબ કલેકટર પ્રોટોકોલશ્રી એન.એફ. વસાવા દ્વારા રાજ્યપાલશ્રીનું પુષ્પગુચ્છથી ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

સર્કિટ હાઉસથી સાંજે માન. રાજ્યપાલશ્રી સીધા સરદાર સરોવર ડેમ ખાતે આવી પહોંચ્યા હતા. ત્યાં સરદાર સરોવર ડેમના મુખ્ય ઈજનેરશ્રી રાજેન્દ્ર કાનુન્ગો અને અધિક્ષક ઈજનેરશ્રી જે.કે. ગરાસીયા દ્વારા આવકારવામાં આવ્યા હતા. અને સરદાર સરોવર ડેમ અંગે શ્રી કાનુન્ગોએ વિસ્તૃત જાણકારી આપીને માન. રાજ્યપાલશ્રીને માહિતગાર કર્યા હતા. સરદાર સરોવર ડેમના નિર્માણ કાર્ય અને ડેમની જળ સંગ્રહ શક્તિ તથા વિસ્થાપિતોના પુનઃસ્થાપન અંગેની વિગતો આપી હતી.

વર્ષ ૨૦૧૯માં નર્મદા ડેમ ૧૩૮.૬૮ મીટરની પૂર્ણ સપાટીએ ભરાતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદા નીરનાં વધામણા કર્યા હતા. વર્ષ ૨૦૨૦, ૨૦૨૨ અને ૨૦૨૩માં ચોથી વાર આ સરદાર સરોવર ડેમ ઐતિહાસિક સપાટીએ ભરાયો હતો.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪માં દેશનું સુકાન સંભાળ્યાના માત્ર ૧૭ દિવસમાં જ આ બહુહેતુક સરદાર સરોવર નર્મદા ડેમને પૂર્ણ ઊંચાઈ સુધી લઈ જવાની મંજૂરી આપી હતી અને ગુજરાતના વર્ષો જુના પ્રશ્નનો અંત લાવી રાજ્યને ઉજ્જવળ ભવિષ્યની દિશા આપી હતી. રાજ્ય સરકારે પણ મંજૂરી મળ્યાના દિવસથી જ કામગીરીનો આરંભ કરીને નર્મદા બંધની પૂર્ણ ૧૩૮.૬૮ મીટરની ઊંચાઈ સુધી પહોંચાડવાનું કાર્ય નિયત સમય કરતાં ૭ મહિના વહેલું પુર્ણ કરી દીધું હતું. વડાપ્રધાનશ્રીના જ વરદ્ હસ્તે તા. ૧૭મી સપ્ટેમ્બરે આ બહુહેતુક યોજના રાષ્ટ્રને અર્પણ કરવામાં આવી છે.

નર્મદા મૈયાના પાવન જળ એકતાનગરથી ૭૪૩ કિલોમીટરની યાત્રા પૂરી કરીને કચ્છના છેક છેવાડાના વિસ્તાર મોડકુબા સુધી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને રાજ્ય સરકારના ઈજનેરી કૌશલ્યથી પીવાનું પાણી અને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગુજરાતના ૯૧૦૪ ગામો, ૧૬૯ શહેરો અને ૭ મહાનગરપાલિકા મળી રાજ્યની ૪ કરોડથી વધુ જનસંખ્યાને પીવાના પાણી તરીકે નર્મદા જળ પહોંચી રહ્યા છે. એટલું જ નહિ, ૬૩,૪૮૩ કિલોમીટર લંબાઈના નહેરના કામો પૂર્ણ થઈ ગયા છે, તેના પરિણામે કચ્છ સહિત રાજ્યના ૧૭ જિલ્લાના ૭૮ તાલુકાની ૧૬.૯૯ લાખ હેક્ટર જમીનને સિંચાઈ સુવિધા મળે છે.






ચીફ ઈજનેરશ્રી કાનુન્ગાએ મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાતને આ સરદાર સરોવરથી મળતા લાભાલાભ અંગે માન. રાજ્યપાલશ્રીને માહિતગાર કર્યા હતા અને ૨૦૦ મેગાવોટના ૬ ટર્બાઈન દ્વારા ૧૨૦૦ મેગાવોટનું દૈનિક વીજ ઉત્પાદન થાય છે અને અંદાજે ૬ કરોડ રૂપિયાનું દૈનિક વીજ ઉત્પાદન થાય છે તેમ જણાવ્યું હતું. માન. રાજ્યપાલશ્રી સરદાર સરોવર ડેમથી સીધા વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં SOUના ગાઈડ શ્રી ઝુબિન ગમીર દ્વારા સરદાર સાહેબની પ્રતિમા નિર્માણ અને સમયબદ્ધ રીતે કરેલી કામગીરી અને વિવિધ પ્રકલ્પો વિશે રાજ્યપાલશ્રીને વાકેફ કર્યા હતા. અને સરદાર સાહેબના જીવન, કવન, પ્રદર્શન તથા ઓડિયો-વિઝ્યુઅલ ફિલ્મ નિહાળીને સરદાર સાહેબે કરેલા એક ભારત શ્રેષ્ઠ ભારત અને દેશની એકતા અને અખંડિતતાના કાર્યોથી ફિલ્મના માધ્યમથી અવગત થયા હતા અને વ્યૂઈંગ ગેલેરી પરથી ડેમ દર્શન, નર્મદા મૈયાના દર્શન તથા સરદાર સાહેબના ચરણોમાં સમૂહ તસવીર અને સેલ્ફી યાદગીરી રૂપે લીધી હતી અને ત્યારબાદ અભિપ્રાય બુકમાં સરદાર સાહેબના કાર્યો અને પ્રતિમા દર્શન અને મુલાકાતથી ધન્યતા અનુભવી હતી.

સ્ટેચ્યૂ ઓફ યુનિટીના અધિક કલેક્ટરશ્રી ગોપાલ બાંભણીયાએ સરદાર સાહેબની પ્રતિકૃતિ અને કોફીટેબલ બૂક ભેટ રૂપે અર્પણ કરી હતી. ત્યારબાદ રાજ્યપાલશ્રીએ પ્રોજેક્શન મેપિંગ શો પણ રસ પૂર્વક નિહાળીને આનંદ અને ગૌરવની લાગણી અનુભવી હતી અને અંતમાં રાષ્ટ્રગાનનું સન્માન કર્યું હતું. માન.રાજ્યપાલશ્રીની આ મુલાકાત વેળા તેઓની સાથે પધારેલા મહેમાનશ્રીઓ, સ્ટેચ્યૂ ઓફ યુનિટીના અધિકારીશ્રી-કર્મચારીશ્રી, ગરૂડેશ્વરના મામલતદારશ્રી મનીષભાઈ ભોઈ, સુરક્ષા કર્મીઓ સાથે જોડાયા હતા.

માન. રાજ્યપાલશ્રી શિવ પ્રતાપ શુક્લા રાત્રિ રોકાણ બાદ બીજા દિવસે રવિવારે સવારે એકતાનગર સ્થિત ગુરૂકુલ હેલિપેડ ખાતેથી તેઓના નિર્ધારિત પ્રવાસે હેલિકોપ્ટર મારફત ગાંધીનગર જવા રવાના થયા હતા.

## તંત્રી લેખ...

# કાશ્મીર મુદ્દે ત્રાહિત દેશની દખલ અસ્વીકાર્ય

પાકિસ્તાનમાં અમેરિકી રાજદૂતની ગયા મહિને અચાનક પાક અધિકૃત કાશ્મીરમાં ગિલગિટ-બાલ્ટિસ્તાનની છ દિવસની ગોપનીય યાત્રા ન માત્ર ત્રીજા પક્ષના અયોગ્ય હસ્તક્ષેપ સમાન છે, બલ્કે ભારતીય સંપ્રભુતાની અવગણના કરવાને કારણે પણ ડોનાલ્ડ બ્લોમનું આ પગલું ભારે વાંધાજનક છે. શું તેમને એ યાદ નથી કે ભારતની સંસદે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરને દેશમાં સામેલ કરવા સંબંધિત પ્રસ્તાવ પણ પસાર કરી રાખ્યો છે? પરંતુ તેની અવગણના કરતાં ગયા મહિને બ્રિટનના સાંસદ એંડહ જિમ્નેએ પીઓકેની મુલાકાત દરમ્યાન જેકેએલએફના વડા યાસીન મલિકની પત્ની સાથે મુલાકાત કરી અને જમ્મુ-કાશ્મીરમાં માનવાધિકારો પર પણ ચર્ચા કરી. તેમણે તો આઝાદ કાશ્મીરની વાત ઉઠાવતાં ત્યાં સંયુક્ત રાષ્ટ્રના નિર્દેશનમાં જનમત સંગ્રહ કરાવવાની પણ વાત કહી દીધી! અમેરિકા અને બ્રિટન સાથે ભારતને મૈત્રીપૂર્ણ સંબંધો છે, તેથી નવી દિલ્હી એ આશા રાખે છે કે તેઓ આપણી સંપ્રભુતાનું સન્માન કરશે. પરંતુ દુર્ભાગ્યપૂર્ણ રીતે વારંવાર આપણી સંપ્રભુતા અને ક્ષેત્રિય અખંડતાની જાણે-અજાણે અવગણના કરવાની કોશિશ કરાઈ રહી છે. ગયા વર્ષે પણ પહેલાં એપ્રિલમાં કાશ્મીર મામલે પાકિસ્તાનનું સમર્થન કરનારી અમેરિકાની સાંસદ ઈલ્હામ ઉમરે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરની યાત્રા કરી હતી, પછી ઓક્ટોબરમાં બ્લોમે મુઝફ્ફરાબાદની મુલાકાત લીધી હતી અને સાથે જ ત્યાં પાકિસ્તાન દ્વારા નિયુક્ત તત્કાલીન વડાપ્રધાન સાથે પણ મુલાકાત કરી હતી. આ વખતની પોતાની ગોપનીય યાત્રામાં બ્લોમે ત્યાં સંયુક્ત રાષ્ટ્રની કેટલીય પરિયોજનાઓની માહિતી લીધી, બલ્કે એ પણ ખબર પડી કે તેઓ ગિલગિટ-બાલ્ટિસ્તાન વિધાનસભાના ઉપાધ્યક્ષ સહિત કેટલાક સદસ્યોને પણ મળ્યા. પરંતુ પાકિસ્તાન સ્થિત અમેરિકી દૂતાવાસે જ નહીં, પરંતુ ખુદ પાકિસ્તાને પણ આ યાત્રાને ગુપ્ત રાખી. શું એ કોશિશ એટલા માટે હતી, જેથી ભારતને આ બાબતે ખબર ન પડી જાય? પાકિસ્તાની કબ્જાવાળા કાશ્મીરમાં વિદેશી રાજદ્વારીઓના આ સતત પ્રવાસથી શંકા પેદા થવી સ્વાભાવિક છે. આ મુલાકાતો દ્વારા તેઓ આખરે શું મેળવવા માંગે છે? સત્ય તો એ જ છે કે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરમાં હાલમાં મોંઘવારી, ભ્રષ્ટાચાર અને વીજળીના વધેલા બિલને લઈને બળવા જેવી સ્થિતિ છે અને લોકો વારંવાર સડકો પર ઉતરી રહ્યા છે. અમેરિકા અને ઈંગ્લેન્ડ જેવા દેશોએ એ સમજવું પડશે કે કાશ્મીર મુદ્દા પર ભારતને કોઈ ત્રીજા પક્ષનો હસ્તક્ષેપ કદાપિ મંજૂર નથી.

## બેવડાં ધોરણો અપનાવતું પશ્ચિમી મીડિયા

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો તરફથી ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં કથિત ભારતીય એજન્ટનો હાથ હોવાનો સનસનીખેજ આરોપ લગાવવાની સાથે જ આ મામલો દુનિયાભરમાં એક મોટો મુદ્દો બની ગયો. એટલા માટે, કારણ કે અમેરિકી સુરક્ષા સલાહકારે એમ કહ્યું કે આ મામલે કોઈને છૂટ ન આપી શકાય. તેની સાથે જ પશ્ચિમી મીડિયાનો એક હિસ્સો ભારતને દોષીત ગણાવવા અને પશ્ચિમી દેશોને તેના વિરુદ્ધ કઠોર કાર્યવાહી કરવાની સલાહ આપવા લાગ્યો છે. જોકે નિજ્જર એક આતંકવાદી હતો અને એક સમયે તે કેનેડા અને અમેરિકાની 'નો ફ્લાય લિસ્ટ'માં પણ સામેલ હતો, છતાં પશ્ચિમી મીડિયા તેને પૂજારી, પ્લંબર અને શીખ નેતા વગેરે ગણાવતું રહ્યું. ધ ઈકોનોમિસ્ટે પોતાના આ મતલબના સમાચારને પાંચ દિવસમાં ઓછામાં ઓછા છ વખત ટ્વિટર પર પોસ્ટ કર્યા, કે જો ભારત નિજ્જરની હત્યામાં સામેલ જોવા મળે તો પશ્ચિમી દેશોએ સીધા નરેન્દ્ર મોદી પ્રત્યે સખ્તાઈ રાખવી જોઈએ. ફાઈનાન્શિયલ ટાઈમ્સ તો નિજ્જરને લઈને એટલું દ્રવિત થઈ ગયું કે તેણે લખ્યું કે તે પોતાના હાથેથી કિચન સાફ કરતો હતો અને છાત્રોની મદદ કરતો હતો. તે તેમના માટે પિતાતુલ્ય હતો! વોશિંગ્ટન પોસ્ટે લખ્યું કે નિજ્જર શાંતિપૂર્ણ અને લોકતાંત્રિક રીતે શીખો માટે અલગ હોમલેન્ડની માંગ કરી રહ્યો હતો. અમેરિકાની ન્યૂઝ એજન્સી એપીએ તેને શીખ એક્ટિવિસ્ટ ગણાવ્યો. આ બધું ત્યારે લખાઈ રહ્યું હતું, જ્યારે એસોલ્ટ રાઈફલ લઈને તેના કેટલાય ફોટો ઈન્ટરનેટ મીડિયા પર પ્રસારિત થઈ રહ્યા હતા. બીબીસી એમ કહી રહ્યું હતું કે પશ્ચિમી દેશોએ ભારતને રશિયા, ઈરાન અને સઉદી અરબ જેવા કામ કરવાની અનુમિત ન આપવી જોઈએ. બીબીસીને એ જણાવવાની જરૂર ન લાગી કે આ પ્રકારનાં કામ અમેરિકા અને ઈઝરાયલેને પણ કરવાની પરવાનગી ન આપી શકાય. ન્યૂયોર્ક ટાઈમ્સે નિજ્જરને શીખ એક્ટિવિસ્ટ કહીને સંબોધિત કર્યો. આ એ જ ન્યૂયોર્ક ટાઈમ્સ છે, જેણે તાલિબાનના સૌથી ખૂંખાર આતંકી વડા સિરાજુદ્દીન હક્કાનીનો એક લેખ તેમ છતાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો કે એફબીઆઈએ તેના પર ૫૦ લાખ ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું. તેણે એ લેખમાં લખ્યું હતું કે તાલિબાન મહિલાઓના શિક્ષણનું પક્ષકાર છે. અલકાયદાનું વાજું કહેવાતા અને કતાર સરકારના ટુકડા પર નભનારા અલ ઝઝીરાએ લખ્યું કે જો ભારત નિજ્જરની હત્યામાં સામેલ જોવા મળે છે તો તે આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન હશે. પશ્ચિમી મીડિયાએ એ જણાવવાની કોઈ જરૂરિયાત ન માની કે નિજ્જર ગેરકાયદે દસ્તાવેજોના સહારે રવિ શર્માના નામે કેનેડા પહોંચ્યો હતો અને તે એક હિંદુ પૂજારીની હત્યાની સાથે જ એક સિનેમાઘરમાં વિસ્ફોટ માટે જવાબદાર હતો. પશ્ચિમી મીડિયાએ એ પણ ન જણાવ્યું કે ભારતે એના પર દસ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. પશ્ચિમી મીડિયાએ એ તથ્યની પણ અવગણના કરવી જરૂરી માન્યું કે કેનેડાએ શરૂઆતમાં નિજ્જરના નાગરિકતાની અરજી ઠુકરાવી દીધી હતી. જ્યારે તેણે ત્યાંની એક મહિલા સાથે લગ્ન કરી લીધાં, ત્યારે પણ તેને નાગરિકતાને લાયક નહોતો સમજવામાં આવ્યો. કોઈ નથી જાણતુ ંકે બાદમાં કેવી રીતે તેણે ત્યાંની નાગરિકતા મેળવી લીધી! માનવામાં આવે છે કે તેને નાગરિકતા અપાવવાનું કામ ટ્રુડોની પાર્ટીના એક ખાલિસ્તાન સમર્થક શીખ સાંસદે કર્યું. સાચું જે હોય તે, કેનેડા ભારતથી ભાગેલા ખાલિસ્તાની આતંકીઓ, ગેંગસ્ટરો અને નશા તસ્કરોનું સુરિક્ષત આશ્રયસ્થાન છે. પશ્ચિમી મીડિયા એક તરફ જ્યાં જસ્ટિન ટ્રુડોના અપુષ્ટ આરોપોને સાચા માનીને ચાલી રહ્યું છે, ત્યાં જ એ બતાવવામાં ચાલાકી કરી જાય છે કે કેનેડામાં કઈ રીતે ભારતીય રાજદ્વારીઓને 'કિલર' ગણાવતા પોસ્ટર જાહેર સ્થળો પર લગાવવામાં આવ્યા. પશ્ચિમના કોઈ મીડિયા સંસ્થાએ એ પૂછવાની પણ જહેમત ન ઉઠાવી કે જ્યારે નિજ્જરની હત્યાની તપાસ ચાલુ છે અને કેનેડા પ ોલીસ તેના હત્યારાઓનું નામ સુદ્ઘાં નથી જાણી શકી, તો પછી જસ્ટિન ટ્રુડો એ નિષ્કર્ષ પર કઈ રીતે પહોંચી ગયા કે તેની હત્યામાં ભારતનો હાથ છે? પશ્ચિમી મીડિયાનું ભારત વિરોધી અને પક્ષપાતી વલણ નવું નથી. તે એવા શ્રેષ્ઠતાબોધથી ગ્રસ્ત છે કે ભારત સહિત દુનિયાએ એ જ કરવું જોઈએ, જેવું તે લખે છે અને બોલે છે.

# ઉર્મિલા માંડવી અને શ્રુતિકિર્તી નાં ત્યાગ, બલિદાન, અને સમર્પણ બાબતે એ સમયનો સમાજ કેમ મૌન રહ્યો!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ! જીંદગીની ચોપાટ એ એક એવી રમત છે કે એમાં જીતની આશા રાખવી એ ભૂલ ભરેલું છે. અહીં દરેકને કોઈ ને કોઈ રીતે હાર મળી જ છે ઉલટું એમ કહે છે કે જેણે નિષ્ફળતા નો હાર નથી પહેર્યો એને ક્યારેય જીત મળતી નથી અથવા ટકતી નથી. આમ કયારેક સંસાર અસાર લાગે, તો ક્યારેક સમય ખારો લાગે અને ક્યારેક સંજોગ જોગ જગાવે ! પણ આવું વિચારીને બધું લાંબુ ખેંચવું જોઈએ નહીં. આપણને ઘણીવાર એમ થાય કે આ યુગ જ આવો છે, અને એટલે આપણને ક્યાંય ન્યાય મળતો નથી. પરંતુ એવું નથી, ત્રેતાકાળમાં પણ અમુક પાત્રોને જોઈએ તેવો ન્યાય મળ્યો નથી, અથવા તો તેને વિષેનો કોઈ સંદર્ભ પણ રામચરિતમાનસમાં એટલો મળતો નથી. તો આજે આપણે ચિંતનમાં એવા બે પાત્રોનો પરીચય જોઈશું.

★ઉર્મિલા:: રાજા જનક અને સુનયનાની બીજી પુત્રી એટલે કે ઉર્મિલાનાં લગ્ન રાજા દશરથના પુત્ર લક્ષ્મણ સાથે કરવામાં આવ્યાં હતાં. હજી તો લગ્ન કરીને આવ્યાં અને થોડા જ સમયમાં રાજા દશરથને રામરાજ્યાભિષેકનો વિચાર આવ્યો રામ રાજ્યાભિષેકની તૈયારી શરૂ થતી જોઈ, અને તેની માનીતી પત્ની કૈકેયી એ પોતાના સાચવી રાખેલા બે વરદાન માંગ્યા. એ મુજબ પ્રભુ શ્રીરામને ચૌદ વર્ષનો વનવાસ, અને ભરતને રાજગાદી ની વાત થઈ. પ્રભુ શ્રીરામ જ્યારે વનવાસ જવાનો નિર્ણય કરે છે, ત્યારે પતિવ્રતા સ્ત્રી તરીકે સીતા પણ તેમની સાથે જાય છે, અને લક્ષ્મણ પણ પોતાના ભાઈ ના પગલે જ ચાલશે એમ કહી તેની સાથે જાય છે. નવી નવી સુહાગન સ્ત્રી તરીકે ઉર્મિલા ને પણ તેના પતિનું સાનિધ્ય મેળવવા ની,તેમજ આ રીતે પતિવ્રતા બનવાની ઈચ્છા હતી. પરંતુ લક્ષ્મણજીએ તેને કહ્યું કે જો ઉર્મિલા પણ વનવાસમાં સાથે આવશે તો કૌશલ્યા માતા અને સુમિત્રા માતા તેમજ રાજા દશરથનું ધ્યાન કોણ રાખશે! માટે એ જવાબદારી તમારે નિભાવવાની છે, એમ કહી તેને તેને અયોધ્યામાં જ રહેવાનું સૂચન કર્યું.



પતિવ્રતા સ્ત્રી એટલે શું? એવો કોઈ સવાલ થાય તો મોટેભાગે પતિની સાથે એનાં સુખ દુ:ખ માં સાથ આપીને એ અનુસાર જીવે, અથવા એની આજ્ઞાને જ ધર્મ માને તેને પતિવ્રતા કહેવાય. તો એક સ્ત્રી એટલે કે સીતા, પોતાના પતિનો સાથ દઈને પતિવ્રતા નો ધર્મ નિભાવે છે, અને એ જ રીતે ઉર્મિલા પણ પોતાના પતિનો સાથ દેવા ઈચ્છતી હતી, છતાં તેને પરિવારની જવાબદારી,કે માતા પિતાની સેવાની જવાબદારી સોંપી, અને અયોધ્યામાં રાખવામાં આવી, અને તેણે એ વાતનો સહર્ષ સ્વીકાર કરી લીધો, તે કંઈ નાની વાત નથી. તો શું એ યોગ્ય છે? એક સ્ત્રીના આટલા મોટા ત્યાગ, બલિદાન, કે સમર્પણનું મૂલ્ય કદાચ કોઈ શબ્દ થી આંકી શકાય તેમ નથી,એમ સમજી મૌન રહ્યા હોય!

ઉર્મિલાનું ચરિત્ર જોતી હતી તો બીજી એક વાત પ્રકાશમાં આવી અને એ છે કે ૧૪ વર્ષ સુધી ઉર્મિલા અયોધ્યામાં સૂતા રહ્યા! વનવાસમાં લક્ષ્મણજીને પ્રભુ શ્રીરામ અને સીતામાતાની રક્ષણની જવાબદારી નિભાવવાની હતી, એટલે તે સુઈ જાય તો એ કામ કેમ થઈ ન શકે. એટલે પ્રથમ દિવસે જ તેમણે નિદ્રાની દેવીને પ્રાર્થના કરી કે, પોતાને નીંદર ન આવે એવું કંઈક કરે, અને એણે હા કહી પરંતુ બદલામાં નિંદ્રા દેવીએ કહ્યું કે તારા ભાગની નિંદ્રા કોઈ અન્ય સ્વીકારી લે તો તુ ૧૪ વર્ષ સુધી જાગી શકીશ, અને લક્ષ્મણ એ જવાબદારી ઉર્મિલા માથે નાખી. એટલે ૧૪ વર્ષ સુધી અયોધ્યાના રાજમહેલમાં ઉર્મિલા સૂતા રહ્યા, એવી એક વાતનો ઉલ્લેખ મળે છે. બીજી એક વાત કે ૧૪ વર્ષ સુધી જે સ્ત્રી સૂતી રહે, તો ઘર પરિવારનું આયોજન કે વડીલોની સેવાની જવાબદારી કઈ રીતે નિભાવી શકે? સીતા માતાએ પોતાની નાની બહેનને વરદાન આપ્યું હતું કે, તે એકસાથે ત્રણ કાર્ય કરી શકે, અને આ રીતે તે માતા-પિતાની સેવા કરતા હતાં, રાજમહેલની જરૂરિયાતોનું આયોજન કરતા હતાં, અને પતિની આજ્ઞા અનુસાર નિંદ્રાને ધારણ કરતા હતાં. પરંતુ મારા મતે તો નવી પરણેલી નવોઢા ને પતિ વિયોગનું દુ:ખ સતાવે તો એની રાતોની રાતો કોરી જાય અને નિંદર પણ વેરી બની જાય એટલે લક્ષ્મણે વિચાર્યું હશે કે એની એ રીતે હું કમસે કમ નીંદર તો આપું જેથી કરીને એ જીવી શકે. નિંદ્રાને ત્યાગવાનું એક બીજું કારણ પણ ગર્ભિત અભ્યાસથી મળે છે. લક્ષ્મણજીને આવનારા ભવિષ્યમાં રાવણના પુત્ર મેઘનાદેનો વધ કરવાનો હતો, અને મેઘનાદ ને એવું વરદાન હતું કે, તેને સામાન્ય કોઈ માનવી મારી શકે નહીં. પણ જેણે નિંદ્રાનો ત્યાગ કર્યો હોય, પૂર્ણ જાગૃત હોય એવી વ્યક્તિ જ તેને મારી શકે, અને એટલે જ તેને યુદ્ધનાં મેદાનમાં બેભાન કરવામાં આવ્યાં હતાં, અને ત્યારે તાત્કાલિક સંજીવની જડીબુટ્ટી લેવા હનુમાન ગયાં હતાં.

★★માંડવી:: ભરતના પત્ની માંડવી ને પણ તેના ત્યાગ અને બલિદાન મુજબ રામચરિત માનસમાં જોઈએ તેટલો ન્યાય મળ્યો નથી, એટલે કે એટલો ઉલ્લેખ નથી. માંડવી એ રાજા જનકના ભાઈ કુશધ્વજ અને ચંદ્રભાગાની પુત્રી હતાં, અને એમને એક નાની બહેન શ્રુતિકિર્તિ પણ હતી, જેના લગ્ન લક્ષ્મણના ભાઈ શત્રુધ્ન સાથે થયા હતા. ભરતની માતા એ તો તેની માટે રાજગાદી માંગી પરંતુ ભરતે તેનો સ્વીકાર કર્યો નહીં. પ્રભુ શ્રીરામને તેના અધિપતિ તરીકે ગણી અને ૧૪ વર્ષ અયોધ્યાના અનુશાસન ની જવાબદારી સ્વીકારી. પરંતુ તપસ્વી વિશે અયોધ્યા ની બહાર આવેલા નંદીગ્રામમાં રહીને તે રાજ વહીવટ કરતા હતાં, અને માંડવીને રાજમહેલમાં રહેવાનું હતું. એટલે પતિ વિયોગનું દુ:ખ ચૌદ વર્ષ સુધી તેણે પણ સહન કર્યું. એ કોઈ નાની વાત નથી, અને એ પણ જ્યારે સાસરામાં હજી આવ્યા હો, કોઈ સાથે પરિચય ન થયો હોય,અને જેને કારણે તે અહીં આવ્યા, એ પતિ જ એને છોડી અન્ય કર્તવ્ય નિભાવે! પોતાનો ગમો, અણગમો, કે ઈચ્છા કંઈ જ પ્રદર્શિત કરવાની નહીં, અને પતિની આજ્ઞા અનુસાર જીવવાનું એ ખરેખર બહુ અઘરું પડ્યું હશે!


રઘુકુળના પુરુષો આદર્શ ચરિત્ર બનાવી શક્યાં, એની માટે ક્યાંક ને ક્યાંક તેમની પત્નીઓના ત્યાગ બલિદાન અને સમર્પણનો ફાળો બહુ મોટો રહ્યો છે, એ વાત સ્વીકારવી પડે,અને તો જ આ ભગીરથ કાર્ય થઈ શકે, બાકી તો એ થવું આ શક્ય જ હતું. પરંતુ કહેવાનું તાત્પર્ય એ છે કે લક્ષ્મણ વિશે પ્રસંશાની કેટકેટલી વાતો સમાજમાં થાય છે, કે ભાઈ હો તો લક્ષ્મણ જેવો, જે રાજ મહેલનું સુખ ત્યાગી એની સાથે વનમાં જવા તૈયાર થઈ ગયા. ભરતની વાતો પણ ખૂબ કરી છે કે, પોતાના ભાઈ માટે રાજપાટ ત્યાગીને ચૌદ વર્ષ તપસ્વી વેશે નંદીગ્રામમાં રહ્યા! પરંતુ જો એમની પત્ની એવું જીવન સ્વીકારવાની ના પાડી દીધી હોત તો?? કારણ કે જેમ પતિવ્રતા સ્ત્રી માટે પતિની આજ્ઞા શિરોમાન્ય છે, એવી રીતે પતિ ધર્મ પણ હોય ને! અને આ સવાલનો જવાબ મને દેખાતો નથી! તો શું ત્યારે પત્નીની ઈચ્છાને મહત્વ નહીં અપાતું હોય! એવું પણ નહોતું રાજા દશરથ એ એની પત્ની કૈકેયીની બધી ઈચ્છા પૂરી કરતાં બતાવાયા છે. એટલે પતિની ઈચ્છા કે આજ્ઞા એ જ પરમ ધર્મ એ કન્યા વિદાયનો સૌથી મોટો સંસ્કાર હતો, જે દરેક કન્યા ને પોતાની માતા તરફથી મળતો, પછી એ રાજકુમારી કેમ ન હોય! ધર્મ તો સૌ માટે સરખો. તૂટતાં જતા દાંપત્યજીવનને બચાવવા માટે આ સંસ્કાર બહુ જરૂરી છે. પરંતુ બંને પક્ષે લગ્ન જીવનને પ્રસન્ન બનાવવા માટેની તૈયારી હોય તો જ દામ્પત્યનુ બચવું શક્ય છે!બાકી કાળ બદલાઈ જવા છતાં પુરુષ સ્ત્રી પાસે સમર્પણની આશા રાખે, અને પોતે ઐય્યાસી કરે એ ન ચાલે. આપણે તો એટલી જ શીખ લેવાની છે કે, રામરાજ્યની ધરોહર સમા આવા ચરિત્રોને માન આપીએ, અને મંથરા જેવા ધૃણાસ્પદ છે, તેને માફ કરી અને પરસ્પર પ્રેમનો નાતો મજબૂત બનાવીએ. આપણી આ કોશિશ કામયાબ થાય એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# મનુષ્ય આ સંસારમાં મારું- તારું મૂકી દે તો આ જગતમાં મિલકત માટે મારામારી થાય નહીં



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા





માણસને ઘરની મમતા એટલી બધી છે કે, ઘરને ઓટલે બેઠેલાને પણ કેટલાક તો ઊઠાડી મૂકે છે કે, ઊઠો અહીંથી! ઓટલો મારો છે! મૂર્ખ કહે છે કે, ઓટલો મારો છે. જાણે ઓટલો પણ મરતી વેળા સાથે લઈ જવો હશે! મનુષ્ય આ સંસારમાં મારું-તારું મૂકી દે તો આ જગતમાં મિલકત માટે મારામારી થાય નહીં. વામનજી કહે છે કે, મને આજે એક ગૃહસ્થે ઓટલા પરથી ઊઠાડી મૂક્યો એટલે મને થયું કે, મારી પાસે થોડી જગ્યા હોય તો સારું એટલે માગવા આવ્યો છું. સંધ્યા ગાયત્રી કરવા માટે મારે જમીન જોઈએ છે. તે માટે મારા ત્રણ પગલાંથી મપાય તેટલી પૃથ્વીનું તમે દાન કરો !બલિરાજાને આનંદ થયો. આવો પવિત્ર બ્રાહ્મણ મારી જમીન ઉપર બેસીને સંધ્યા કરશે તો મારું કલ્યાણ થશે. કેવો ત્યાગી બ્રાહ્મણ છે! હું તો મારું સર્વસ્વ આપવા તૈયાર થયો છું પણ લેતા નથી. તેણે કહ્યું,આજે તો હું તમારા કહેવા પ્રમાણે ત્રણ પગલા પૃથ્વીનું દાન કરીશ,પણ ભવિષ્યમાં આપને કોઈ વસ્તુની જરૂર પડે તો સીધા મારી પાસે જ આવજો.મને સેવા નો લાભ આપજો. બલિરાજા દાન નો સંકલ્પ કરવા તૈયાર થયા. યજ્ઞ મંડપમાં શુક્રાચાર્ય બેઠેલા હતા. એ વામનના શબ્દો પરથી તેમને વહેમ પડ્યો હતો, તેથી તેમણે કહ્યું, રાજા, દાન આપજો, પણ વિવેકથી આપજો. આ બાળકનાં પગલાં કેવાં છે તે તું જાણતો નથી, હું જાણું છું. આ સાંભળી બલિ વિચારમાં પડી ગયા. તે પૂછે છે, ત્યારે દાન ન આપું? શુક્રાચાર્ય કહે છે,દાનની હું ના કેમ કહી શકું,પણ તારા પગથી માપીને પૃથ્વી આપજે મને આ વાત તું જેટલી સરળ સમજે છે તેટલી સરળ નથી લાગતી. દેવોનું કામ કરવા વિષ્ણુ વામન બનીને આવ્યા છે એવું મને લાગે છે.ત્યારે બલિરાજા કહે છે કે, હું તો દાનનો સંકલ્પ કરી ચૂક્યો છે. એટલે હવે વામનને જે માગવું હોય તે માગે,ને ત્રણ પગમાં જે લેવું હોય તે લે. શુક્રાચાર્ય સમજાવે છે કે, એવું દાન ન કરવું જેથી તું દરિદ્ર બની જાય,ને તારાં બૈરી- છોકરાં રખડી પડે ! શુક્રાચાર્યની સલાહ બલિરાજાએ તો સ્વીકારી, પણ આપણા કળિયુગના ધન માલિકોએ સ્વીકારી લીધી લાગે છે. કળિયુગના છોકરા માતા પિતા ની સેવા કરતા નથી, પૈસાની સેવા કરે છે. તમારી પાસે પૈસા હશે તો સગાંઓ પણ સેવા કરશે. માટે આજની વ્યવહાર સલાહ એવી છે કે, વૃદ્ધાવસ્થા માટે એક ભાગનો સંગ્રહ કરો, છોકરાઓ પાસે માગવાનો પ્રસંગ ન આવે તે જોજો. એક ડોસો માંદો પડ્યો. મૃત્યુ નજીક આવેલું જાણી તેણે પોતાનું સર્વસ્વ ત્રણે છોકરાઓ વચ્ચે વહેંચી દીધું. પણ બન્યું એવું કે, મરવાને બદલે ડોસો સાજો થઈ ગયો. પરંતુ હવે ઘરમાં બધા એને ધુત્કારવા લાગ્યા. છોકરા કંઈ આપે નહીં. ડોસાને દુ:ખ થયું. ડોસાએ એક મિત્રની સલાહ લીધી. મિત્રે એક મોટી પેટી પથ્થરો ભરી તાળું મારી ડોસાને મોકલાવી આપી. ડોસાએ ઘરના માણસોને કહ્યું, આ પેટીમાં થોડી મૂડી છે તે લઈને હરિદ્વાર જાઉં છું. ત્યાં સાધુસંતોને જમાડીશ અને તીર્થસ્નાનમાં રહીશ.

વજનદાર પેટી જોઈ બધા માનવા લાગ્યા કે, હજુ ડોસાએ પોતાની પાસે ઘણું રાખ્યું છે, એટલે હવે બધા પુત્રો આગ્રહ કરવા લાગ્યા, બાપા મારી સાથે રહો, મારી સાથે રહો! તમે તીર્થસ્થાનમાં એકલો હો તે અમને ન શોભે, દુનિયા અમને શું કહે? દુનિયા કેવી સ્વાર્થી છે! પોતે ખોટું કરે છે એનું એને દુ:ખ નથી, પણ ખોટું દેખાય છે એનું તેને દુ:ખ છે. બસ, પછી તો ડોસાની સેવાચાકરી થવા લાગી,પણ ડોસા એ મરતાં લગી પેટીની ચાવી કોઈને આપી નહીં અને એમ કરતાં છોકરાઓ અને પુત્રવધૂઓની ચાકરી ભોગવતો ભોગવતો મરી ગયો. છોકરાઓએ ધામધૂમથી એમની ઉત્તરક્રિયા કરી ને પછી બધાએ હોશે હોશે પેલી પેટી ઊઘાડી તો એમાં એકલા પથ્થરો છોકરાઓનાં દુષ્કર્મો જ જાણે પથરા થઈને એમની સામે આવી ઊભાં! બધાએ કપાળ ફૂટ્યું! જગત આવું સ્વાર્થી છે.શુક્રાચાર્ય બલિરાજાને કહે છે કે, ફરીથી કહું છું ચેત! તારા ત્રણ પગથી મારી જમીન આપજે, એના પગથી માપતો નહીં! પણ બલિરાજા કહે છે, મેં એના ત્રણ પગ જેટલી જમીન આપવા સંકલ્પ કર્યો! હવે ના પાડું તો અસત્ય બોલવાનું પાપ થાય. શુક્રાચાર્ય કહે છે કે, અસત્ય બોલવું એ ધર્મ છે એવું હું નથી કહેતો. પણ આવા વિપત્તિના સમયે અસત્ય બોલો તો તે ક્ષમ્ય છે. સત્ય બોલવાથી કોઈ જીવની હિંસા થતી હોય તો અસત્ય બોલવું એ ક્ષમ્ય ગણાશે. બ્રાહ્મણ ના રક્ષણ માટે અસત્ય બોલવું પડે તો તે ય ક્ષમ્ય છે. હે રાજા, તમારા માથે પ્રાણસંકટ છે, માટે વચનભંગની બીક ન રાખ. ચેતી જા! પણ બલિરાજા કહે છે, ગુરુજી,લાચાર છું.મારાથી એ નહીં બને. હું વૈષ્ણવ છું. હું માનતો હતો, આ કોઈ બ્રાહ્મણનો તો મારા નારાયણને હું મારું સર્વસ્વ અર્પણ કરીશ.હું મારા વચનનો ભંગ કરીશ નહીં. છે

મારી પાસે વિષ્ણુ ભગવાન ચાહીને દાન લેવા આવે એથી રૂડું મારે શું? આથી તો જગતમાં મારી પ્રતિષ્ઠા વધશે.આપે જ મને શીખવ્યું છે કે, આ લોકમાં અને પરલોકમાં સુખી થવું હોય તો ધનનો પરાર્થે ઉપયોગ કરવો.પૈસાનો દુરુપયોગ ન થાય તો મરતાં સુધી શાંતિ મળતી નથી. હું પ્રહલાદના વંશનો છું, હું વૈષ્ણવ છું.અમે વૈષ્ણવો ઠાકોરજીને સર્વ સ્વનું અર્પણ કરીએ છીએ. આજે સર્વસ્વનું દાન કરીશ. દાન આપ્યા પછી કદાચ નરકમાં જવું પડે તો મને એની ચિંતા નથી. એ ચિંતા ભગવાનના માથે છે, કારણ કે ભગવાનનો થયા પછી મારે નરક માં જવું પડે તો ભાર ભગવાન ને માથે છે.બલિરાજા તપસ્વી હતો, જ્ઞાની હતો,ભક્ત હતો.દાનનું અસ્ય તે સમજતો હતો.તે કહે છે, બ્રાહ્મણને જ્યારે દાન કરવામાં આવે છેત્યારે તેના શરીરમાં વિષ્ણુ નું આવાહન કરવા માં આવે છે. ત્યારે તે સાક્ષાત્ મહા વિષ્ણુ મારે ત્યાં આવ્યા છે. ગુરુજી,હું સર્વ સ્વ તેમને અર્પણ કરીશ. જ્યાં ભગવાન ત્યાં હું! જ્યાં હું ત્યાં ભગવાન! દરેક સત્કર્મ વખતે તમે મારી પાસે સંકલ્પ કરાવો છો કે, આ કર્મ હું ભગવાનને અર્પણ કરું છું. ભગવાન પ્રસન્ન થાઓ! મને અને આ કર્મને કંઈ લેવાદેવા નથી! આમ બધું ફળ તમે શ્રીકૃષ્ણાર્પણ કરાવો છો. તો શ્રીકૃષ્ણ પોતે મારી પાસે આજે માગવા આવ્યા છે તો હું કેમ ના પાડું? મારા ભગવાનને હું સર્વસ્વ અર્પણ કરીશ. પછી બલિરાજાના કહેવાથી વામનજી દાનનો સંકલ્પ કરાવે છે. કહે છે, ઝારીમાંથી જળ હાથમાં પધરાવો! શુક્રાચાર્યજીથી આ સહન થયું નહીં. સંકલ્પનું જળ ઝારીમાંથી બહાર ન આવે માટે શુક્રાચાર્ય સૂક્ષ્મરૂપ ધરી તેના નાળચામાં ભરાઈને બેઠા.વામનજી સમજી ગયા કે,શુક્રાચાર્ય ઝારીમાં બેઠા છે. તેમણે દર્ભની સળી લઈ ઝારીના નાળચામાં નાંખી તેથી શુક્રાચાર્ય ની એક આંખ ફૂટી ગઈ. ભગવાન કૃપા કરે છે ત્યારે આંખ ફોડે છે. પરમાત્માએ બોધ આપ્યો કે, મારા દર્શન કર્યા પછી એક આંખે જગત ને નિહાળજો.એક જ ઈશ્વર સર્વ માં રહેલો છે તેમ જુએ તે સમતા. બે આંખથી જુએ તે વિષમતા. એક આંખથી સર્વને જુઓ. કાંઈ કપટ ન કરો. વામનજીએ બે આંખ નથી ફોડી,એક ફોડી છે એટલે દેખવાની એને તક આપી છે. એનું સ્વાતંત્ર સ્વીકાર્યું છે ને વિષમતા માટે સજા કરી છે. ભગવાન પોતે માગવા આવ્યા છે તેમ છતાં શુક્રાચાર્યના મનમાંથી કેતભાવ જતો નથી.આ મારો યજમાન અને આ માગનાર એવો તેણે દ્વૈતભાવ રાખ્યો ભગવાન કહે છે કે,જગત માં એક આંખથી જુઓ. આ મારો અને આ પારકો એવી દૃષ્ટિથી બે આંખથી જુએ એ વિષમતા.એક આંખની દૃષ્ટિ એટલે સમષ્ટિ. ગીતામાં કહ્યું છે કે, સર્વમાં જુઓ. આ સર્વ ભગવાનનાં અંશ સ્વરૂપો છે એમ માનો.એક આંખ થી જુઓએ સમતા અને સમતા રાખવી એનું નામ જ યોગ. બધામાં એક તત્ત્વને જુઓ એ જ યોગ. શુક્રાચાર્ય ચેતી ગયા. તેઓ નાળચામાંથી નીકળી ગયા. સંકલ્પ જળ પડ્યું. સંકલ્પ પરિપૂર્ણ થયો એટલે વામનજીએ વિરાટ સ્વરૂપ ધારણ કર્યું. વિરાટ સ્વરૂપે વામન મહારાજે આખા જગતને વ્યાપી લીધું. જગતમાં સર્વ ઠેકાણે વામન ભગવાનનું સ્વરૂપ દેખાય છે. જગતની બહાર દશ આંગળી છે. ભગવાન શંકરાચાર્યે એનો એવો અર્થ કર્યો છે કે, દસ આંગળી વંદન કરે છે. ભગવાન વંદનીય છે, ચિંતનીય છે. વાચક ચાહક મિત્રો આપણે ભગવદ્ જ્ઞાન મેળવી પિતૃપક્ષમાં હદય મનને શાંત શુધ્ધ કરવાનો પ્રયત્ન કરી રહયા છીએ. આપને પણ આ કોલમ થકી એક અનોખી શાંતિનો અનુભવ થતો હશે.બસ આજ આપણો એવોર્ડ અને પ્રોત્સાહન છે. સૌનું કલ્યાણ થાય તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

## સાઇકલ મારી સરરરર.., મોટી ઉંમરે પેડલ મારવાની મોજ



કોરોનાના સમયમાં ઘરે બેસીને સતત કામ કરતી ૪૮ વર્ષની અમૃતાને પીઠમાં દુઃખાવો ઉપડ્યો. થોડા દિવસ તો એણે અવગણના કરી, પણ પતિદેવની સલાહ માનીને ડૉક્ટરની સલાહ લેવા ગઇ. ડૉક્ટરે જાત જાતના સવાલો પૂછ્યા, પછી એવું નિદાન કર્યું કે જીવનમાં તમે ક્યારેય સાઇકલ ચલાવી નથી એનું આ પરિણામ છે. દવાની કોઇ જરૂર નથી, હવે સાઇકલ ચલાવવાનું શરૂ કરો. ઢગલાબંધ દવાઓ અને એક્સરેની અપેક્ષા સાથે ગયેલી અમૃતાને ડૉક્ટરના નિદાનની બહુ નવાઇ લાગી. અને મોટી ઉંમરે સાઇકલ ચલાવતા શીખવાની મુંઝવણ ઊભી થઇ એ જુદું. ખેર, અમૃતા ડૉક્ટરની સલાહ માનીને એની દીકરી પાસેથી સાઇકલ ચલાવતા શીખવા લાગી. અને લગભગ છએક મહિનામાં એની પીઠનો દુખાવો મટી ગયો અને સાઇકલ ચલાવતા શીખી એ નફામાં. માને સાઇકલ ચલાવતા શીખવતી વખતે દીકરીને મોટી ઉંમરની મહિલાઓને સાઇકલ શીખવવાનો ઉત્તમ વિચાર આવ્યો. એણે સાઇકલ ચલાવતા ડરતી કે શરમ કે સંકોચ અનુભવતી સ્ત્રીઓને હિંમત આપીને પેડલ મારતા શીખવવાનું શરૂ કર્યું. આજકાલ જોકે કેટલાક લોકોએ અને ખાસ કરીને મહિલાઓએ મોટી ઉંમરે સાઇકલ ચલાવાનું શરૂ કર્યું છે. કેટલાંક શહેરોમાં એવી સંસ્થા અને કલબ છે જે સાઇકલ શીખવવાની નિઃશુલ્ક સેવા આપે છે. સામાન્ય રીતે મોટી ઉંમરે સાઇકલ શીખવા માગતા લોકોને હાડકાં ભાંગી જવાનો ભય હોય છે, પણ આવા સમયે વ્યક્તિની ઈચ્છાશક્તિ કામ આવે છે. મજબૂત મનોબળથી કાંઇપણ હાંસલ કરી શકાય છે. બાળપણથી સાઇકલ ચલાવનારાને વાંસાની તકલીફ ન થાય એવું પણ જરૂરી નથી, પરંતુ તમામ એક્સરસાઇઝમાં કે કસરત-કવાયતમાં સ્વિમિંગની જેમ સાઇકલ ચલાવવાની કસરત સૌથી ઉત્તમ

# ૬૦ની ઉંમરમાં યુવાન દેખાવું હોય તો, દરરોજ સવારે ખાલી પેટ આ સફેદ દાણાનું સેવન કરો

ડ્રાઈફ્રુટ્સનું સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. આવી જ રીતે મખાના પણ સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભકારી છે. તેના સેવનથી સ્વાસ્થ્યને કોઈ લાભ મળે છે. મખાના, લોહીની કમી દૂર કરવા, શરીરને મજબૂત બનાવવાની સાથે સ્કિન માટે પણ લાભકારક સાબિત થાય છે. તેમાં કેટલાય પોષક તત્વ અને એન્ટીઓક્સીડેન્ટ હોય છે. આવો આજે અમે આપને મખાનાના ફાયદા જણાવીએ. સ્કિનને રાખશે હેલ્દી- હેલ્થલાઈનમાં છપાયેલી એક સમાચાર અનુસાર, મખાનામાં કેટલાય પોષક તત્વ અને એન્ટીઓક્સિડેન્ટ હોય છે. તેમાં કેટલાય અમીનો એસિડ હોય છે, જે પોતાની એન્ટી એજિંગ ગુણ માટે ઓળખાય છે. જેમાં ગ્લૂટામાઈન, સિસ્ટિન, આર્જિનિન અને મેથિયોનીન સામેલ છે. તે સ્કિન માટે ખૂબ જ ફાયદાકારક છે. રોજ મખાના ખાવાથી ત્વચાને હેલ્દી બનાવી રાખે છે. તે ફ્રી રેડિકલ્સને હટાવીને ત્વચાને ચમકદાર બનાવી રાખે છે.



તેના સેવનથી ચહેરા પરની કરચલીઓ ગાયબ થઈ જશે. મખાનામાં મળતા ગ્લૂટામાઈનનો ઉપયોગ પ્રોલાઈનનું ઉત્પાદન કરવા માટે થાય છે.જે કોલેજનમાં મળતા એક એમિનો એસિડ છે. આ ત્વચાને જવાન બનાવી રાખવામાં મહત્વની ભૂમિકા અદા કરે છે. હાર્ટને હેલ્દી રાખશે. મખાના, હાર્ટ માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. મખાનામાં કેટલાય એન્ટીઓકિસડેંટ્સ ગુણ હોય છે, જે હૃદયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક માનવામાં આવે છે. તેના નિયમિત સેવનથી બીપી પણ કંટ્રોલ કરી શકાય છે. ડાયાબિટીઝ કંટ્રોલ કરશે, રોજ ખાલી પેટ મખાના ખાવાથી ડાયાબિટીઝ કંટ્રોલમાં રહે છે. બ્લડ શુગરના દર્દીઓ માટે મખાના એક સારુ ફુડ માનવામાં આવે છે.

વજન ઘટાડવામાં મદદ કરશે- મખાનાના રોજ સેવનથી વજન કંટ્રોલ થાય છે. જો આપ પણ વેટ ઘટાડવા માગો છો તો દરરોજ ખાલી પેટ મખાનાનું સેવન કરો. તેમાં રહેલા તત્વ વેટ લોસમાં ફાયદાકારક થાય છે. તેના સેવનથી દિવસભર ભૂખ ઓછી લાગશે અને બોડીમાં પોષક તત્વની કમી પણ દૂર થાય છે. પાચન તંત્ર મજબૂત કરે- મખાનામાં ફાઈબર, કેલ્શિયમ, આયરન ફોસ્ફોરસ સહિત કેટલાય પોષક તત્વ રહેલા હોય છે. તેમાં ભરપૂર માત્રામાં એન્ટીઓક્સિડેન્ટ અને એન્ટીઈંફ્લેમેટરી ગુણ હોય છે.

## શું ભારતમા ડીઝીટલ કરન્સી લાવવી હિતાવહ છે?




ડિજિટલ કરન્સી એ ચલણ છે જે ફક્ત કમ્પ્યુટર અથવા મોબાઈલ ફોનથી જ ચાલે છે કારણ કે તે ફક્ત ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે. આ કારણથી પૈસાની લેવડદેવડ માટે કોઈ વચેટિયાની જરૂર પડતી નથી. ઘણીવાર પૈસાની લેવડદેવડમાં વચ્ચેનો દલાલ અમુક પૈસા તમને ટ્રાન્સફર ફી ના નામે ચાર્જ કરતા હોય છે તે ડિજિટલ કરન્સીમાં કોઈ વધારાનું ચુકવણું આપવાનું રહેતું નથી. તમે જો તમારો વેપાર ધંધો ફક્ત ભારતમાં જ નહીં પણ ભારતની બહાર પણ કરતા હો અથવા વારંવાર વિદેશ પ્રવાસ કરતા હો ત્યારે તમારા પૈસાને બીજા દેશની કરન્સીમાં ચૂકવવા માટે કોઈ વધારાનો પ્રોસેસ કરવો પડતો નથી. ઈન્ટરનેટના એક જ નેટવર્ક હેઠળ બે જુદી જુદી કરન્સીઓમાં લેવડદેવડ કરવી હોય તો ડિજિટલ કરન્સી એ ઉત્તમ ઉપાય છે. અત્યારે તમે જે કિસ્સામાં કાગળની ચલણી નોટ રાખો છો એને અંગ્રેજીમાં ફિયાટ કરન્સી કહેવાય છે, આ ચલણી નોટ છાપવા માટે તથા એને જાળવવા માટે અને સમય સમયે એનું ઉત્પાદન કરવામાં તથા ફાટી ગયેલી ચલણી નોટો બદલવામાં દરેક દેશોની સરકારને ખૂબ ખૂબ ખર્ચો થાય છે પણ ડિજિટલ કરન્સીને કારણે આ ખર્ચ લગભગ નહિવત થઈ જાય છે. સરકારને ડિજિટલ કરન્સી જાળવવા માટે ફક્ત એક નેટવર્કની જ જરૂર હોય છે.

એથી વધુ કંઈ કરવાનુ રહેતું નથી. ડિજિટલ કરન્સીનો સૌથી મોટો ફાયદો ભ્રષ્ટાચાર રોકવામાં મદદ થાય તે છે. ઘણી વખત તમારે સરકારી કામકાજ અથવા કોઈ જરૂરી કામ માટે પૈસા ભરવાના હોય તો કચેરીમાં એ કામ માટે ભાવતાલ થઈ શકે છે પણ એ જ પૈસા જો તમારે ડિજિટલ કરન્સીના સ્વરૂપે ઓનલાઈન ભરી દેવાના હોય તો ત્યાં વચેટિયાઓને ભ્રષ્ટાચાર કરવાની તક મળતી નથી આ ડિજિટલ કરન્સીનો આ સૌથી મોટો ફાયદો છે. ડિજિટલ કરન્સી ને લીધે કાગળની ચલણી નોટોમાં થતી છેતરપિંડી અથવા તો બનાવટી નોટો જે વ્યવહારમાં આવી જાય છે એની ઉપર સખત કાબુ મેળવી શકાય છે. બેંકમાં તમારે બે ત્રણ ખાતા હોય તો બેંકમાં ધક્કો ખાધા વગર ડિજિટલ કરન્સી એક ખાતામાંથી બીજા ખાતામાં ઝડપથી ટ્રાન્સફર કરી શકાય છે.

ઘણી વખત કોઈ ના પૈસા લેણા નીકળતા હોય અને ચેકથી પૈસા આપે તો ચેક બાઉન્સ થવાની શક્યતા રહેલી છે પણ તમે એ પૈસા ડિજિટલ કરન્સીમાં માગો તો ચેક્ બાઉન્સ થવા માટેની કોઈ શક્યતા રહેતી નથી. તમારા દેશમાં ડિજિટલ કરન્સી જેટલી વધશે એટલો આંતરરાષ્ટ્રીય વેપાર વધશે અને એથી દેશને ઘણો ફાયદો થાય છે અને એથી જ અત્યારની ભારત સરકાર ડિજિટલ કરન્સી માટે ખૂબ ઉત્તેજન આપે છે.

## આ શાકભાજીથી ચાંદ જેવો ચહેરો ચમકવા લાગશે

આપ ઘરમાં રાખેલા બટાટાની મદદથી ખૂબ જ સરળતાથી ત્વચાનો રંગ નિખારી શકશો અને ચહેરા પર ગ્લો લાવી શકશો. અહીં અમે વાત કરી રહ્યા છીએ કે આપ કેવી રીતે બટાટાનો ફેસ પેક બનાવી અને તેનો ઉપયોગ કરી શકશો.


વરસાદના દિવસોમાં કેટલીય એવી સમસ્યા શરુ થઈ જાય છે. વધારે પરસોથી પોર્સ બ્લોક થઈ જાય છે. સ્કિન પર ડ્રાઈનેસ આવી જાય છે. ચહેરા પર ડાઘ ધબ્બા દેખાવા લાગે છે અને નિખાર ક્યાક ગાયબ થઈ જાય છે. ત્યારે આવા સમયે લોકો પાર્લરમાં જઈને મોંઘા ફેશિયલ વગેરે કરાવે છે. પણ થોડા દિવસોમાં જ સ્કીન ફરીથી ડલ થવા લાગે છે. જો આપ ચહેરા પર નેચરલ ચીજોની મદદથી ઈંસ્ટેંટ નિખાર મેળવવા માગો છો, તો અમુક ઘરેલુ ઉપાયોની મદદ લઈ શકશો. આપ ઘરમાં રાખેલા બટાટાની મદદથી ખૂબ જ સરળતાથી ત્વચાનો રંગ નિખારી શકશો અને ચહેરા પર ગ્લો લાવી શકશો. અહીં અમે વાત કરી રહ્યા છીએ કે આપ કેવી રીતે બટાટાનો ફેસ પેક બનાવી અને તેનો ઉપયોગ કરી શકશો. પહેલા બટાટાને સારી રીતે ધોઈ નાખો અને છાલ કાઢીને છુંદી નાખો. બાદમાં ડુંગળીને પણ છુંદીને મિશ્ર કરી નાખો. હવે તેમાં દહીં અને મધ ભેળવો. ફેસપેક તૈયાર થઈ જશે. તેને ચહેરા પર લગાવો અને ૧૫ મિનિટ બાદ ચહેરાને ધોઈ



નાખો. તે આપની સ્કિનને નિખાર આપશે અને ભેજ બનાવી રાખવામાં મદદ કરશે. જો કે કોઈ પણ પ્રકારની એલર્જીથી બચવા માટે પેચ ટેસ્ટ જરુરથી કરાવો.

સૌથી પહેલા બટાટાને બાફી લો અને ઠંડા કરીને છુંદી નાખો. તેમાં મધ, લીંબૂનો રસ અને દહીં ભેળવો અને તમામ સામગ્રીને સારી રીતે બનાવીને ફેસ પેક તૈયાર કરી લો. હવે તેને સાફ ચહેરા પર લગાવો અને સારી રીતે મસાજ કરો. તેને ચહેરા પર રહેવા દો અને ૧૫-૨૦ મિનિટ સુધી સુકાવા દો. સુકાયા બાદ ઠંડા પાણીથી ચહેરો ધોઈ નાખી. તે આપનો ચહેરો નિખારશે અને રંગ સાફ કરશે. તેના ઉપયોગથી ટૈનિંગ પણ દૂર થશે. ઉપયોગ કરતા પહેલા પૈચ ટેસ્ટ જરુર કરાવી લો.

## ન્હાવામાં આ ભૂલ ચામડીની તકલીફોને આમંત્રણ આપશે



હાલ લગભગ તમામ લોકો નાહવામાં લુફાનો ઉપયોગ કરતા જ હોય છે. પણ શું તમને ખબર છે જો યોગ્ય રીતે લુફાનો ઉપયોગ ન કર્યો તો ચામડીને લગતી ગંભીર બીમારીનો તમે શિકાર થઈ શકો છો. જર્નલ ઓફ ક્લીનિકલ માઈક્રોબાયોલોજીમાં પ્રકાશિત થયેલા રિસર્ચનાં પરિણામોમાં સામે આવ્યુ છે, કે લૂફાના ઉપયોગ બાદ જો તમે લૂફાને વ્યવસ્થિત રીતે સાફ નથી કર્યું અને તડકામાં નથી સૂકવ્યું તો તેમાં કેંડિડા કે ડર્માટોફાઈટ્સ જેવી ફંગલ જન્મી શકે છે. જેના લીધે ખંજવાળ કે યીસ્ય ઈન્ફેક્શન જેવી સમસ્યાઓ આવી શકે છે. વિશેષજ્ઞોના મતે તો દર ત્રણ સપ્તાહમાં લૂફા બદલવો જોઈએ.જો આમ નથી કરતા તો લૂફામાંનાં જીવાણું તમારી ત્વચામાં ઈન્ફેક્શન ફેલાવી શકે છે. રાજીકા કચેરિયા, કોસ્મેટોલોજિસ્ટના મતે, જેની સ્કિન ડ્રાઈ હોય છે.

BOLLYWOOD NEWS FLASH

**મમતા ત્યારે ચર્ચામાં આવી જ્યારે ૨,૦૦૦ કરોડ રૂપિયાના ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ થયો અને આ કેસમાં વિકી ગોસ્વામીનું નામ સામે આવ્યું**



## અભિનેત્રી મમતા કુલકર્ણી કેન્યામાં જોગન બની ગઈ

। મુંબઈ, તા.૮ ।

સલમાન ખાન, અક્ષય કુમાર, સની દેઓલ અને નાના પાટેકર જેવા કલાકારો સાથે પડદા પર જોવા મળેલી મમતા કુલકર્ણીએ સિલ્વર સ્ક્રીન પર પોતાનો ચાર્મ ફેલાવ્યો છે. પણ સૌથી મોટો સવાલ એ છે કે મમતા અત્યારે ક્યાં છે? સલમાન સાથેની તેની ઓન-સ્ક્રીન જોડીને ખૂબ પસંદ કરવામાં આવી હતી, અભિનેત્રી 'આશિક આવાર', 'કરણ અર્જુન' જેવી હિટ ફિલ્મોમાં જોવા મળી હતી.'કભી તુમ કભી હમ' બાદ અભિનેત્રીએ અચાનક જ મોટા પડદાથી દૂરી લીધી હતી ભાગી ગયા બાદ હવે તે જોગન બની ગઈ છે. સમાચાર છે કે અભિનેત્રી ટૂંક સમયમાં ફરી સલમાન ખાન સાથે જોવા મળવાની છે. ૯૦ના દશકની બોલિવૂડ અભિનેત્રી મમતા કુલકર્ણીની વાસ્તવિક જિંદગી દુર્ઘટનાથી ભરેલી રહી છે. 'તિરંગા'થી અભિનય કારકિર્દી શરૂ કરનાર મમતા કુલકર્ણી રાતોરાત ફેમસ થઈ ગઈ હતી. તેણે 'ચાઈના ગેટ', 'વક્ત હમારા હૈ' અને 'ક્રાંતિવીર' જેવી ઘણી ફિલ્મોથી હલચલ મચાવી અને પછી અચાનક જ ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડીને વિકી ગોસ્વામી સાથે દુબઈમાં અજ્ઞાતપણે રહેવા ભાગી ગઈ. એવા અહેવાલો છે કે હવે તે રિયાલિટી શો દ્વારા કમબેક કરી રહી છે. મમતા ત્યારે ચર્ચામાં આવી જ્યારે ૨,૦૦૦ કરોડ રૂપિયાના ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ થયો અને આ કેસમાં વિકી ગોસ્વામીનું નામ સામે આવ્યું. જોકે, મમતાએ પોતાના લગ્નના સમાચારને હંમેશા અફવા ગણાવી હતી. તેણે પોતે સ્વીકાર્યું કે તેણે ક્યારેય લગ્ન કર્યા નથી. પણ એ વાત સાચી છે કે તે વિકીને પ્રેમ કરે છે.

## સાચી લવ સ્ટોરી પર બની એક જ નામની 3 ફિલ્મો

। મુંબઈ, તા.૮ ।

હાશિમ શામની પ્રખ્યાત વાર્તા - 'સોહની મહિવાલ' પ્રેમની એક સત્ય ઘટના છે, જે ફિલ્મ નિર્માતાઓને એટલી પસંદ આવી હતી કે અલગ-અલગ યુગમાં એક જ નામ સાથે ૩ ફિલ્મો રિલીઝ થઈ હતી, પરંતુ સની દેઓલ અને પૂનમ સૌથી વધુ લોકપ્રિય થયા હતા. ધિલ્લોનની ૧૯૮૪માં આવેલી ફિલ્મ 'સોહની મહિવાલ.' ફિલ્મની વાર્તાની સાથે જ આશા ભોંસલેના અવાજમાં આવેલું સુંદર ગીત 'બોલ દો મીઠે બોલ સોહનીયે' ખૂબ જ લોકપ્રિય થયું હતું. સિંગર અનુપમા દેશપાંડેને 'સોહની ચિનાબ દી' ગીત માટે ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો, પરંતુ સની દેઓલને આ ફિલ્મથી વધુ ફાયદો થયો હતો. તે મહિવાલના રોલમાં ફેમસ થયો હતો. સની દેઓલને બોલિવૂડમાં પ્રવેશ કર્યાને લગભગ એક વર્ષ વીતી ગયું હતું, પરંતુ 'સોહની મહિવાલ'માં પૂનમ ધિલ્લોન સાથેના તેમના યાદગાર અભિનયએ તેમને રાતોરાત સ્ટાર બનાવી દીધા



હતા. 'સોહની મહિવાલ બોક્સ ઓફિસ પરથી લગભગ ૭.૨૦ કરોડ રૂપિયાનું કલેક્શન કરીને સુપરહિટ બની હતી. સોહની મહિવાલ' નામની પહેલી ફિલ્મ ૧૯૪૬માં રિલીઝ થઈ હતી, જેનું નિર્દેશન ઈશ્વર લાલે જ કર્યું હતું એટલું જ નહીં, તેમાં મુખ્ય ભૂમિકા પણ ભજવી હતી. બેગમ પારા સોહનીના રોલમાં હતી. ફિલ્મમાં કુલ ૧૧ ગીતો છે, જેમાંથી મોટા ભાગના ગીતો ઝોહરાબાઈએ ગાયા હતા. સોહની મહિવાલ' નામની બીજી ફિલ્મ ૧૯૫૮માં આવી, જેમાં ભારત ભૂષણ અને નિમ્મી મુખ્ય ભૂમિકામાં હતા.

**આ પહેલા રોહન ફિલ્મ બાઝારમાં જોવા મળ્યો હતો, પરંતુ આ પછી ઈન્ડસ્ટ્રીના માર્કેટમાં તેના માટે કંઈ ખાસ બદલાયું નથી**

## સુપરસ્ટાર પિતા હોવા છતાં રોહન દિવસમાં આપે છે 3 ઓડિશન

। મુંબઈ, તા.૮ ।

બોલિવૂડમાં નેપોટિઝમની વારંવાર ચર્ચા થતી રહે છે. ઈન્ડસ્ટ્રીના મોટા ફિલ્મ મેકર્સ પર એવા આરોપો છે કે તેઓ તેમની ફિલ્મોમાં સ્ટાર કિડ્સને નવોદિત કરતા વધુ તક આપે છે. કંગના રનૌતે વર્ષો પહેલા તેની સામે મોરચો ખોલ્યો હતો. જો કે, કોઈ પણ ફિલ્મ નિર્માતા, નિર્માતા નિર્દેશક કોઈપણ સ્ટાર કિડને તક આપે છે કે કેમ, તે સંપૂર્ણપણે તેના કામ અને દર્શકો પર નિર્ભર કરે છે કે તે ઉદ્યોગમાં પોતાનો પગ જમાવી શકશે કે નહીં. ફરદીન ખાન, અભિષેક બચ્ચન બોલિવૂડના તે સ્ટારકિડ્સમાંથી એક છે, જેમના કામની તુલના હંમેશા તેમના પિતા સાથે કરવામાં આવે છે. પરંતુ, ઈન્ડસ્ટ્રીમાં કેટલાક સ્ટારકિડ્સ એવા છે જેમને તેમના કામ માટે ખૂબ જ મહેનત કરવી પડે છે. આ છે દિવંગત અભિનેતા વિનોદ મહેરાનો પુત્ર રોહન મેહરા, જેઓ તેમના સમયના સુપરસ્ટાર હતા, જે વર્ષોથી ઈન્ડસ્ટ્રીમાં પોતાનો પગ જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વિનોદ મહેરા તેમના સમયના સુપરસ્ટાર હતા ત્યારે તેમણે ઘણા દિગ્ગજ ફિલ્મ નિર્માતાઓ સાથે કામ કર્યું હતું. મોટા ફિલ્મ મેકર્સ તેની સાથે કામ કરવા માંગતા હતા, જ્યારે રોહન મેહરા ઈન્ડસ્ટ્રીમાં કામને લઈને ચિંતિત છે. રોહનને ઈન્ડસ્ટ્રીમાં ઘણો સંઘર્ષ કરવો પડે છે. રોહન મેહરા આજકાલ તેની વેબ સીરિઝ કાલા માટે ચર્ચામાં છે. સપ્ટેમ્બરમાં રિલીઝ થયેલી આ વેબ સિરીઝમાં રોહન મહત્વની ભૂમિકામાં છે. આ સીરિઝમાં તે ભારતીય આર્મી ઓફિસર શુભેન્દુની ભૂમિકા ભજવી રહ્યો છે.



**આ ફિલ્મનું દિગ્દર્શન ઓપી રેલ્હાને કર્યું હતું અને તે આ ફિલ્મના નિર્માતા પણ હતા, આ એક રોમેન્ટિક ડ્રામા ફિલ્મ હતી**

## ૫૪ વર્ષ પહેલા રીલિઝ થઈ હતી ૧ કરોડની ઓફિશિયલ ફિલ્મ

। મુંબઈ, તા.૮ ।


ફિલ્મની વાર્તા ફાઈનલ થયા પછી, પ્રથમ વસ્તુ જે કરવામાં આવે છે તે નિર્માતાની શોધ કરવાની છે કારણ કે નિર્માતાઓ ફિલ્મને વધુ સારી રીતે બનાવવા માટે મહત્વપૂર્ણ કડી છે. હાલમાં ઘણા પ્રોડક્શન હાઉસ છે, જે મોટા પાયે ફિલ્મો બનાવે છે. પરંતુ ભૂતકાળમાં આ બધું એટલું સરળ નહોતું અને એ જમાનામાં એક ફિલ્મ પાછળ ૧ કરોડ રૂપિયા ખર્ચવામાં આવે તો તે બહુ મોટી વાત હતી. ૫૪ વર્ષ પહેલા રીલિઝ થયેલી આ એક કરોડની બોલિવૂડ ફિલ્મનું નામ જણાવતા પહેલા અમે તમને ફિલ્મની સ્ટાર કાસ્ટ વિશે જણાવીએ. આ ફિલ્મમાં જ્યુબિલી કુમાર એટલે કે રાજેન્દ્ર કુમાર મુખ્ય અભિનેતા હતા. જ્યારે, તેમની



સામે શર્મિલા ટાગોર હતી, જે ડબલ રોલમાં હતી. આ બંને સિવાય હેલન અને બલરાજ સાહની પણ ફિલ્મમાં મહત્વની ભૂમિકામાં હતા. ફિલ્મનું સંગીત એસડી બર્મને આપ્યું હતું અને ગીતો મજરૂહ સુલતાનપુરીએ લખ્યા હતા. આ ફિલ્મનું દિગ્દર્શન ઓપી રેલ્હાને કર્યું હતું અને તે આ ફિલ્મના નિર્માતા પણ હતા. આ એક રોમેન્ટિક ડ્રામા ફિલ્મ હતી અને ૧૯૬૯માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ બનાવતી વખતે ઘણો ખર્ચ કરવામાં આવ્યો હતો અને તે સમયે તેના પાછળ ૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં, ઓપી રેલ્હાને પણ આનો ઉપયોગ ફિલ્મના માર્કેટિંગ તરીકે કર્યો. બોલિવૂડની આ પહેલી એક કરોડની ફિલ્મનું નામ છે 'તલાશ'. ઓપી રેલ્હાન ઈચ્છતા હતા કે દરેકને ખબર પડે કે આ ફિલ્મ ૧ કરોડ રૂપિયાના બજેટમાં બની છે. આવી સ્થિતિમાં તેણે ફિલ્મના પોસ્ટર પર જ આ લખ્યું હતું. તેણે તો ત્યાં સુધી કહ્યું હતું કે ફિલ્મમાં ખર્ચવામાં આવેલા દરેક રૂપિયાનો હિસાબ આપી શકાય છે. આ જ કારણ છે કે આ ફિલ્મને બોલિવૂડની પહેલી કરોડની ફિલ્મ તરીકે ઓળખવામાં આવે છે. ઓપી રેલ્હાનની આ ફિલ્મ વિશે ઘણી ચર્ચા થઈ હતી અને માર્કેટમાં શબ્દ હતો કે આ એક કરોડ રૂપિયાની મોટી રકમમાં બનેલી ફિલ્મ છે. જોકે, ઓપી સાહેબને આ માર્કેટિંગનો બહુ ફાયદો ન થયો કારણ કે મોટા પડદા પર ફિલ્મ એવરેજ સાબિત થઈ. તમને જણાવી દઈએ કે ઓપી રેલ્હન એક પ્રખ્યાત નિર્માતા, નિર્દેશક અને લેખક હતા. તે એમેચ્યોર એક્ટિંગ પણ કરતો હતો. આ એક કરોડ ફિલ્મમાં તે હેલન સાથે પણ જોવા મળ્યો હતો.

# 'સુરતના સરસાણા ખાતે વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'વાયબ્રન્ટ ગુજરાત, વાયબ્રન્ટ સુરત' સમિટ યોજાઈ

## સુરતના ઉદ્યોગકારોએ રાજ્ય સરકાર સાથે રૂ.૫૭ કરોડના એમ.ઓ.યુ. કર્યા : અંદાજે ૩૫૦થી વધુ વ્યક્તિઓને રોજગારી મળશે



વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ સફળતા પૂર્વક બે દાયકા પૂર્ણ કરી રહી છે, જેના ભાગરૂપે તેમજ આગામી 'વાયબ્રન્ટ ગુજરાત-૨૦૨૪'ની પ્રિ-ઈવેન્ટ અંતર્ગત સુરતના સરસાણા કન્વેન્શન હોલ ખાતે વન, પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલની 'વાયબ્રન્ટ ગુજરાત,વાયબ્રન્ટ સુરત' સમિટ યોજાઈ હતી. જેમાં સુરતના ઉદ્યોગકારોએ રાજ્ય સરકાર સાથે રૂ.૫૭ કરોડના એમ.ઓ.યુ. કર્યા હતા, જેનાથી અંદાજે ૩૫૦થી વધુ વ્યક્તિઓને રોજગારી મળશે. સમિટમાં વાજપાઈ બેક્રેબલ યોજના, MSME અને સ્ટાર્ટઅપ લોન સહાય, લેબગ્રોન ડાયમંડ યુનિટ અને પોલિમર મેન્યુફેક્ચરિંગ યુનિટ શરૂ કરવા માટે સહાય જેવી વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લોનસહાયના ચેકો મંત્રીશ્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

વાયબ્રન્ટ ગુજરાત-૨૦૨૪ની પ્રિ-ઈવેન્ટ સમાન આ સમિટમાં નિષ્ણાત વક્તાઓએ ઉદ્યમ રજિસ્ટ્રેશન, સિંગલવિન્ડોક્લિયરન્સએક્ટ, MSME, આત્મનિર્ભર ગુજરાત સ્કીમ-૨૦૨૨, ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી-૨૦૧૯, ZED સર્ટિફિકેટ પ્રક્રિયા, વિવિધ ઈન્ડસ્ટ્રીઝ ફ્રેન્ડલી સ્કીમ, બેકિંગ અને ફાયનાન્સ, PM માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસ (PMFME) સ્કીમ, ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ, જેમ અને જ્વેલરી ક્ષેત્રમાં રહેલી તકોની જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત, મધ્યમ અને નાના ઉદ્યોગકારો તેમજ રોકાણકારોને પેનલ ડિસ્કશન, સ્ટાર્ટઅપ, નેટવર્કીંગ સેશન, બીટુબી અને બીટુસી મિટીંગ દ્વારા માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'વાયબ્રન્ટ સમિટ' ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્રે રહેલી અપાર સંભાવનાઓને ઉજાગર કરવાનું આગવું માધ્યમ બની છે. ગુજરાતમાં નવા ઉદ્યોગો વિકસે, નવી ટેકનોલોજી અને રોજગારની નવીન તકો ઉભી થાય એવા વિઝન સાથે બે દાયકા પહેલાં વડાપ્રધાનશ્રીએ વાઈબ્રન્ટ સમિટનો વિચાર આપ્યો હતો, વડાપ્રધાનશ્રીએ ૨૦ વર્ષ પહેલા રોપેલું વાયબ્રન્ટ સમિટનું બીજ આજે વટવૃક્ષ બન્યું છે. દેશભરમાં વિકાસના મોડેલ સ્ટેટ તરીકે પ્રસ્થાપિત થઈ રહેલુ શાંત અને સૌમ્ય ગુજરાત દેશ-વિદેશના રોકાણકારો માટે 'બેસ્ટ ડેસ્ટીનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ' બન્યું છે. અદ્વિતીય વિકાસથી ગુજરાતે સમગ્ર દેશને રાહ ચીંધી છે. રાજ્ય સરકારની હકારાત્મક નીતિઓના કારણે રોકાણકારો અહીં ઉદ્યોગો સ્થાપવા આકર્ષાઈ રહ્યા છે.

વાયબ્રન્ટ સમિટ અંગે જાગૃતતા વધારવા તમામ જિલ્લા સ્તરે પ્રિ-વાયબ્રન્ટ સમિટનું આયોજન થઈ હોવાનું જણાવતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, 'વાયબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ' પહેલથી અનેક નાના ઉદ્યોગકારો રાજ્ય સરકાર સાથે એમ.ઓ.યુ દ્વારા જોડાઈ રાજ્ય - જિલ્લામાં નવી રોજગારીનું સર્જન કરવામાં યોગદાન આપી રહ્યા છે. વધુમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વનું પાંચમું સૌથી મોટુ અર્થતંત્ર બન્યું છે, અને વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારતને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાનું લક્ષ્ય સાકાર કરવામાં ગુજરાત મહત્વપૂર્ણ યોગદાન આપશે એમ જણાવી 'સૌના સાથ, સૌના વિકાસ' મંત્રથી રાજ્યને વિકાસના પથ પર વધુ અગ્રેસર બનાવવાના સાર્થક પ્રયાસો કરવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

મેયરશ્રી દક્ષેશ માવાણીએ મંત્રીશ્રી સહિત મહાનુભાવોને આવકારતા સુરત શહેરના વિકાસની ગાથા વર્ણવી હતી. સુરતનું સુદ્રઢ શહેરીકરણ, સુગ્રથિત વિકાસ, સ્વચ્છતા, પ્રજા અને પ્રશાસનના વિકાસોન્મુખ અભિગમની છણાવટ કરી હતી. આ સમિટમાં L&T-સુરત યુનિટના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી શિરીષ અંત્રોલિયાએ એલ એન્ડ ટી. એ સુરતના હજીરામાં સ્થાપેલા ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ વિષે જાણકારી આપી હતી. તેમણે સોલારની મદદથી થતા ગ્રીન હાઈડ્રોજન જનરેશન વિષે જણાવ્યું કે, એલ એન્ડ ટી એનર્જી (ગ્રીન ટેક)એ ઈલેક્ટ્રોલાઈઝર્સ દ્વારા ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન માટેનો ભારતનો સર્વ પ્રથમ પ્લાન્ટ શરૂ કર્યો છે. જે મોબિલિટી, ઘરેલું ગેસના મિશ્રણ તેમજ ઔદ્યોગિક વપરાશ માટે ઉપયોગ કરી શકાય છે. બિઝનેસ ફેસિલિટેટર અને ટ્રેઈનરશ્રી સાગર સોનીએ ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ-(GEM) વિશે વિસ્તૃત વિગતો આપી બાયર અને સેલર્સ માટે આ ઓનલાઈન સેલિંગ વેબસાઈટ અંતર્ગત વ્યવસાયિક તકો અંગે રૂપરેખા આપી હતી. ઔદ્યોગિક ક્ષેત્રના તજજ્ઞ વિરેન્દ્ર વડગામાએ ઉદ્યોગો માટે સહાય આપતા ગોલ્ડ, સિલ્વર, અને બ્રોન્ઝ લેવલના ઝીરો ડિફેક્ટ ઝીરો ઈફેક્ટ(ZED) સર્ટિફિકેટ અને તેનાથી થતા લાભો અંગે સમજ આપી હતી. જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC)ના શ્રી દિનેશ નાવડિયાએ કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી મળતા ઔદ્યોગિક પ્રોત્સાહન, હીરા ઉદ્યોગના નાના એકમોને માર્ગદર્શન અને મદદ આપતા GJEPC દ્વારા ઉદ્યોગ અને આ ક્ષેત્રના કામદારોના સશક્તિકરણ અને આરોગ્ય માટે થતી કામગીરી અંગે માહિતગાર કર્યા હતા. નાયબ બાગાયત નિયામકશ્રી દિનેશભાઈ પડાલિયાએ પ્રધાનમંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસ(PMFME) યોજના વિષે જણાવી નાના ઔદ્યોગિક જૂથોને મળતા લાભોની ચર્ચા કરી હતી. તેમજ ઝીરો કોલેટરલ પદ્ધતિ સાથે મળતી બેંક લોન વિષે, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર એમ.કે.લાડાણી અને વી.આર.પંડ્યાએ કુટિર ઉદ્યોગો માટેની યોજનાઓ તેમજ તેના માટે મળતી લોન અને સબસિડી અને લીડ ડિસ્ટ્રીક્ટ મેનેજર બકુલ ચૌધરીએ માઈક્રો, સ્મોલ અને મીડિયમ જેવા ૩ ભાગોમાં વિભાજીત MSME ઉદ્યોગોના વિકાસ માટે અપાતી વિવિધ બેંક લોનની માહિતી આપી હતી. વિષે જણાવ્યું હતું. નોંધનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા આગામી જાન્યુઆરી-૨૦૨૪ દરમિયાન ગાંધીનગરમાં યોજાનાર 'વાયબ્રન્ટ ગુજરાત સમિટ'ના ભાગરૂપે દરેક જિલ્લામાં તા.૨ થી ૧૨ ઓક્ટોબર દરમિયાન વાયબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. શે. જેના ભાગરૂપે આંત્રપ્રિન્યોરશીપ અંગે વિવિધ વિષયો ઉપર એક્ષપર્ટ સેમિનાર, પેનલ ડિસ્કશન અને ભવ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયા, જિલ્લા કલેક્ટરશ્રી આયુષ ઓક, મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.કે.વસાવા, ડે.મેયર ડો.નરેન્દ્ર પાટીલ, સ્થાયી ચેરમેનશ્રી રાજન પટેલ, સ્ટાર્ટઅપ સાહસિકો, ઈન્ડસ્ટ્રીઝ અને જિલ્લા વહીવટીતંત્ર અને મનપાના અધિકારીઓ સહિત ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા. સરસાણા કાર્યક્રમ સ્થળે આયોજિત એક્ઝિબીશનમાં ૨૦ થી વધુ સ્ટોલ દ્વારા ઔદ્યોગિક એકમોને સહાય, યોજનાઓનું માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. જેમાં ઉદ્યમ રજિસ્ટ્રેશન, સિંગલ વિન્ડો ક્લિયરન્સ એક્ટ, MSME, આત્મનિર્ભર ગુજરાત સ્કીમ-૨૦૨૨, ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી-૨૦૧૯, ZED સર્ટિફિકેટ પ્રક્રિયા, કોટેજ અને રૂરલ ઈન્ડસ્ટ્રીઝ સ્કીમ, બેકિંગ અને ફાયનાન્સ, PM માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસ સ્કીમ, ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ-(GEM), જેમ અને જ્વેલરી ક્ષેત્રે સહાય અને જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમ સ્થળે ૨૦ સ્ટોલોમાં એક્ઝિબીશન પણ યોજવામાં આવ્યું છે, જે તા.૮મી સુધી ખૂલ્લું રહેશે.

# વન્યપ્રાણી સપ્તાહ અંતર્ગત ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં વાઈલ્ડ લાઈફ કોન્ફરન્સ યોજાઈ

## જીવમાત્ર પ્રત્યે દયા - કરૂણાનાં રાજ્ય સરકારનાં પ્રયાસોમાં જન સહયોગ અને સૌનો સાથ આવશ્યક છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

। ગાંધીનગર, તા.૮ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પર્યાવરણ જાળવણી સાથે વન્યસૃષ્ટિ અને વન્યજીવ સૃષ્ટિના સંરક્ષણ સંવર્ધનના સમન્વયથી સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટની નેમ સાકાર કરવા અનુરોધ કર્યો છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, જીવ માત્ર માટે દયા - કરુણાના ભાવ રહે તે માટે સરકારના પ્રયાસમાં જનસહયોગ અને સૌનો સાથ મળે તે આવશ્યક છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી અન્વયે આયોજિત વાઈલ્ડ લાઈફ કોન્ફરન્સમાં સંબોધન કરતા આ અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વાઈલ્ડ લાઈફ કોન્ફરન્સ સંદર્ભમાં યોજાયેલું વાઈલ્ડ્લાઈફ ફોટોગ્રાફીનું પ્રદર્શન પણ નિહાળ્યું હતું. રાજ્યમાં વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી અને વન્યજીવ સૃષ્ટિ અંગેના રિસર્ચ સાથે સંકળાયેલા સ્કોલર્સ, સંશોધકો, ફોટોગ્રાફર્સ આ કોન્ફરન્સમાં જોડાયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, માનવ કે પશુ પંખી જ નહીં, નાનામાં નાના જીવનું પણ રક્ષણ થાય તેવો ખ્યાલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણને આપ્યો છે. તાજેતરના વાવાઝોડા, વરસાદની કુદરતી આફતના સમયે તેમણે વાઈલ્ડ લાઈફ સહિત સૌના ઝિરો કેઝ્યુઆલિટી અપ્રોચ માટે સતત ચિંતા સેવીને માર્ગદર્શન પૂરું પાડ્યું છે તેની ભૂમિકા પણ મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વાઈલ્ડ લાઈફ



ફોટોગ્રાફર્સ વન્ય પ્રાણીની તસવીર લેવામાં પોતાની જાતને પણ જોખમમાં મૂકીને જે સાહસ દાખવે છે તેની સરાહના કરી હતી. તેમણે કહ્યું કે, આવી અદમ્ય તસવીરો છેક અંતરિયાળ વિસ્તારો સુધી વિવિધ માધ્યમોથી પહોંચાડીને લોકોમાં વન્ય પ્રાણી પ્રત્યે સંવેદના જગાવવાનું કામ આ તસવીરકારો કરે છે. મુખ્યમંત્રીશ્રીએ વાઈલ્ડ લાઈફના જતન - સંવર્ધન માટે જંગલ વિસ્તાર વધુ વિસ્તરી શકે તે માટેના તથા વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન માટેના સુઝાવની પણ આ ફોટોગ્રાફર્સ, રિસર્ચર્સ અને સ્કોલર્સ પાસેથી અપેક્ષા દર્શાવી હતી. વન વિભાગના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમારે સૌને આવકારીને સ્વાગત પ્રવચન દ્વારા આ કોન્ફરન્સનો હેતુ સ્પષ્ટ કર્યો હતો. વન્યજીવ સંરક્ષણ અને વિવિધ નાવિન્યપૂર્ણ કામગીરીનું પ્રેઝન્ટેશન પણ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં અગ્ર મુખ્ય વન સંરક્ષક વાઈલ્ડ લાઈફ શ્રી નિત્યાનંદ સહિત વન વિભાગના વરિષ્ઠ વન સંરક્ષકશ્રીઓ તેમજ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર્સ, વાઈલ્ડ લાઈફ ક્ષેત્રે શોધ - સંશોધન કરતા યુવાઓ, NGO વગેરે પણ જોડાયા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો શહેરી જનજીવન સુખાકારીનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

। ગાંધીનગર, તા.૮ ।



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોની જનસુવિધા સુખાકારી વૃદ્ધિની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ ચોમાસામાં વરસાદને કારણે નગરોના માર્ગો - રસ્તાઓને થયેલા નુકસાનની મરામત માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી કુલ ૧૦૦ કરોડ રૂપિયા ૧૫૭ નગર પાલિકાઓને ફાળવવાની મંજૂરી આપી છે.

૧૦૦ કરોડ રૂપિયાની આ રકમમાંથી 'અ' વર્ગની ૨૨ નગર પાલિકાઓને પ્રત્યેકને રૂપિયા ૧ કરોડ પ્રમાણે ૨૨ કરોડ રૂપિયા તેમજ 'બ' વર્ગની ૩૦ નગર પાલિકાઓને નગર પાલિકા દીઠ રૂપિયા ૮૦ લાખ પ્રમાણે કુલ ૨૪ કરોડ રૂપિયા, 'ક' વર્ગની ૬૦ નગર પાલિકાઓને પ્રત્યેકને રૂપિયા ૬૦ લાખ મુજબ કુલ ૩૬ કરોડ રૂપિયા અને 'ડ' વર્ગની ૪૫ નગર પાલિકાઓને નગર પાલિકા દીઠ રૂપિયા ૪૦ લાખ પ્રમાણે કુલ ૧૮ કરોડ રૂપિયા આવા રોડ રીસરફેસિંગ કામો માટે ફાળવવામાં આવશે.

નગર પાલિકાઓને રસ્તાના મરામત - રીસરફેસિંગ કામો માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ મારફતે શહેરી વિકાસ વિભાગ દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી ગ્રાન્ટ ફાળવવાની દરખાસ્ત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ દરખાસ્તના સંદર્ભમાં ૧૦૦ કરોડ રૂપિયા ફાળવીને લોક સુખાકારી કામો માટેની આગવી સંવેદના દર્શાવી છે.

## અમદાવાદ મેટ્રો ફેઝ-૨ નું કામ પુરજોશમાં

# નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ગાંધીનગર સેક્ટર-૧ તથા ગીફ્ટ સીટીના ૨૦ કિ.મી.ના રુટ પર ટ્રેનના ટ્રાયલ આવતા વર્ષના એપ્રિલ માસમાં શરુ થાય તેવું આયોજન





। ગાંધીનગર, તા.૮ ।

જીએમઆરસીની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ અમદાવાદ મેટ્રો ફેઝ-૨ હેઠળ મોટેરાના શ્રી નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ગાંધીનગર સેક્ટર-૧ તથા ગીફ્ટ સીટીના ૨૦ કિ.મી.ના પ્રાયોરીટી સેક્શનની કામગીરી ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે. સાબરમતી નદી ઉપર તથા નર્મદા કેનાલ ઉપરના બે મોટા પુલો પૈકી સાબરમતી નદી ઉપર ૨૩ ગાળા (દરેક ૪૮.૮૦ મીટરના) નો કુલ ૧ કિ.મીટર લાંબો પુલ છે, જે પૈકી ૧૨ ગાળાનું કામ પુર્ણ થયેલ છે અને ૧૩મા ગાળાનું કામ પ્રગતિમાં છે. દરેક ગાળાનું સુપર સ્ટ્રકચર વિક્રમી ૬ દિવસમાં પૂર્ણ કરવામાં આવી રહેલ છે. જીએમઆરસીની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ ટ્રેનના ટ્રાયલ આવતા વર્ષના એપ્રિલ માસમાં શરુ થાય તેવું આયોજન છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારી હાલત તથા તમારી જરૂરિયાત સમજતા હોય તેવા નિકટના મિત્રો સાથે બહાર જાવ. આજે તમારા મધુર પ્રેમ જીવનમાં તમને અદભુતતાનો સ્વાદ માણવા મળશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જયારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. તમારા અભિગમમાં ઉદાર બનો અને તમારા પરિવારના સભ્યો સાથે સારી પ્રેમાળ ક્ષણો માણો. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્સ્ટન્ટ રૉમાન્સ તમારી તરફ આવી શકે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે. પૈસા, પ્રેમ, પરિવાર થી દૂર, આજે તમે આનંદ ની શોધ માં કોઈ આધ્યાત્મિક ગુરુ ને મળવા જઈ શકો છો.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારામાંના કેટલાકને આજે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્દીગ્ન કરી મુકશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. કેટલાક માટે નવો રૉમાન્સ તેમનો ઉત્સાહ વધારશે તથા તેમને ખુશખુશાલ મિજાજમાં રાખશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. ઘરના લોકો સાથે તમારે કશુંક ઉત્સાહજનક તથા અલગ કરવું જોઈએ. આજે રૉમાન્?સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ભૂતકાળનો ખરાબ નિર્ણય આજે હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો- અન્યો પાસેથી મદદ લો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા મગજમાં હકારાત્મક વિચારો લાવો. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે. તમે સહકાર ન આપો તો કોઈ તમારી સાથે ઝઘડી જ શકે નહીં.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે બાળકો તમારી પસંદગી મુજબનું વર્તન નહીં કરે-જે તમારો ગુસ્સો વધારી મુકશે. તમારે તમારી જાતને રોકવી જોઈએ, કેમ કે નિરંકુશ ગુસ્સો સૌને નુકસાન કરે છે અને ખાસ કરીને જે વ્યક્તિ ગુસ્સામાં છે તેને સૌથી વધુ નુકસાન કરે છે કેમ કે તેને કારણે ઊર્જા વેડફાય છે અને નિર્ણય લેવાની ક્ષમતાને મંદ બનાવે છે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રૉમાન્સ ઘેરી વળશે. ટીવી, મોબાઈલ નો ઉપયોગ ખોટો નથી.



**મકર (ખ,જ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. ઘરના પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે તમે હતાશ થઈ શકો છો. બિનજરૂરી શંકા સંબંધો ને બગાડવા નું કામ કરે છે. તમારે તમારા પ્રેમી પર શંકા ન કરવી જોઈએ.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે નફરતની લાગણી મોંઘી પુરવાર થઈ શકે છે.તે ન માત્ર તમારી સહનશક્તિનો ગુપ્ત રીતે નાશ કરે છે બલ્કે તમારી વિવેકબુદ્ધિને પણ મંદ કરે છે તથા સંબંધમાં કાયમી તિરાડ ઊભી કરે છે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે. રૉમાન્સ આનંદદાયક તથા અત્યંત આકર્ષક રહેશે. આજે તમે તમારો મફત સમય તમારી માતા ની સેવામાં ખર્ચવા માંગતા હો, પરંતુ પ્રસંગે કેટલાક કામ ને કારણે તે શક્ય નહીં બને.

# શ્રી રાષ્ટ્રભક્તિ જનસેવા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ પીછોડા દ્વારા વ્યસન મુક્તિ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું




। પંકજ પંડિત ઝાલોદ, તા.૮ ।

સંજેલી તાલુકાના શ્રી રાષ્ટ્રભક્તિ જન સેવા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના માનનીય મે . ટ્રસ્ટી શ્રી વિનોદકુમાર સોલંકીના સહયોગથી તેમજ સત્ય સનાતન વ્યસન મુક્તિ અભિયાનના સુરતના પ્રેરક શ્રી હિંમતભાઈ સાહેબના સહકારથી કદવાલ મોટા ફળિયા ગામમાં આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ભારતીય જનતા પાર્ટીના ઝાલોદ તાલુકા પ્રમુખ શ્રી મુકેશભાઈ પરમાર સાહેબ થતા ગામના સરપંચ શ્રી, ડેપ્યુટી સરપંચ શ્રી, ગામની શાળાના આચાર્ય શ્રીમતી લલીતાબેન અને ગામના આગેવાનો, વડીલો યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. સત્ય સનાતન વ્યસન મુક્તિ અભિયાનના શ્રી હિંમતભાઈ દ્વારા ગ્રામજનોને વ્યસનથી થતાં રોગ વિશે માહીતિ આપી હતી. ભારતીય જનતા પાર્ટીના ઝાલોદ તાલુકા પ્રમુખ શ્રી મુકેશભાઈ પરમાર સાહેબ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આપના સમાજનું સૌથી મોટું દૂષણ એ વ્યસન છે.. વ્યસન છોડો અને જિંદગી બચાવો.. વ્યસન પાછળ ખર્ચો ન કરતા આ ખર્ચો બાળકોને ભણાવવા અને સામાજિક પ્રવુતિ અને ઘર વપરાશમાં વાપરો એવી સમજ આપી હતી. શ્રી રાષ્ટ્રભક્તિ જનસેવા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના મે.ટ્રસ્ટી શ્રી વિનોદકુમાર સોલંકી દ્વારા વ્યસન ન કરવાની સમજૂતી આપી હતી. વ્યસન મુક્તિ મુખવાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. વ્યસનોની સાચી સમજ આપી જીવન જીવવાની સાચી સલાહ આપવામાં આવી હતી. આમ નિર્વ્યસની જીવનજીવવાની રાહ સાથે આ વ્યસન મુક્તિ કાર્યકમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### ૬ મહીના સુધી વિદ્યાર્થીઓ પરીક્ષા નહીં આપી શકે

# ભાવનગર મેડિકલ કોલેજના ૯૫ વિદ્યાર્થીને ડીટેઈન કરવામાં આવ્યા

। ભાવનગર, તા.૮ ।

ભાવનગર મેડિકલ કોલેજના ૯૫ વિદ્યાર્થીને ડીટેઈન કરવામાં આવ્યા છે. ૨૦ ટકા કરતાં ઓછી હાજરી અને બોન્ડ જમાં નહિ કરાવતા વિદ્યાર્થીઓ ડીટેઈન કરાયા છે. ચાલુ વર્ષના ૯૩ અને ગત વર્ષના ૨ મળી ૯૫ વિદ્યાર્થીને ડીટેઈન કરવામાં આવ્યા છે. આગામી ૬ માસ સુધી આ વિદ્યાર્થીઓ પરીક્ષા નહીં આપી શકે. ભાવનગર મેડિકલ કોલેજના ૯૫ વિદ્યાર્થીને ડીટેઈન કરવામાં આવ્યા છે. ૨૦ ટકા કરતાં ઓછી હાજરી અને બોન્ડ જમાં નહિ કરાવતા વિદ્યાર્થીઓ ડીટેઈન કરાયા છે. ચાલુ વર્ષના ૯૩ અને ગત વર્ષના ૨ મળી ૯૫ વિદ્યાર્થીને ડીટેઈન કરવામાં આવ્યા છે. આગામી ૬ માસ સુધી આ વિદ્યાર્થીઓ પરીક્ષા નહીં આપી શકે. સરકારી મેડિકલ કોલેજના ડીન દ્વારા MBBSના પ્રથમ વર્ષની અંદર અભ્યાસ કરતા ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓ પૈકી જે લોકોની હાજરી અનિયમિત હોય અને જે લોકોએ બોન્ડ ન જમા કરાવ્યા હોય તેવા વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

૯૩ વિદ્યાર્થીઓને ડીટેઈન કરવાનો હૂકમ કરવામાં આવ્યો છે. એક સાથે MBBSના આટલા વિદ્યાર્થીઓને પરીક્ષા આપતા અટકાવવામાં આવ્યા હોય તેવી ગુજરાતની આ પ્રથમ ઘટના છે. આ પ્રકારના પગલા લેવા પાછળ વિદ્યાર્થીઓ નિયમિત રહે તેવો હોવાનું કોલેજ દ્વારા જણાવાયુ છે. ખાસ કરીને તબીબી અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ આ માટે જાગૃત બને અને નિયમિત આવતા થાય તે માટે આ કડક પગલા ભરવામાં આવ્યુ હોવાનું માનવામાં આવી રહ્યુ છે.

### આરોગ્ય મંત્રી ઋષિકેશભાઇ પટેલના હસ્તે

# અમદાવાદના કાંકરિયા સ્થિત એકા ક્લબ ખાતે આયોજિત 'ઓપ્ટિક એક્સ્પો - ૨૦૨૩'નું ઉદ્ઘાટન

। અમદાવાદ, તા.૮ ।

આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે અમદાવાદના કાંકરિયા સ્થિત એકા ક્લબ ખાતે આયોજિત 'ઓપ્ટિક એક્સ્પો - ૨૦૨૩'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ ઉદ્ઘાટન પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યું કે, આજે ટેકનોલોજીની જરૂરિયાત છે . ગરમી હોય કે પછી ઠંડી દરેક સિઝનમાં આજે ચશ્માની ડિમાન્ડ વધી રહી છે. ચશ્મા આજે એક જીવન જરૂરિયાતની વસ્તુમાં ઉમેરાઈ ગયા છે. આમ આજે તમામ ટેકનોલોજીનો સમનવ્ય આ એક્સ્પ ોમાં જોવા મળી રહ્યો છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. આ 'ઓપ્ટિક એક્સ્પો -૨૦૨૩'ના ઉદ્ઘાટન પ્રસંગે ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટ, અમદાવાદ ઓપ્ટિકલ એસોસિએશનના



પ્રેસિડેન્ટ શ્રી નરેશભાઈ ચોકસી, વાઈસ પ્રેસિડન્ટ શ્રી કાંતિભાઈ માળી, સેક્રેટરી શ્રી કલ્પેશભાઈ અજમેરા તેમજ જોઈન સેક્રેટરી રિપુંજય પટેલ ઉપસ્થિત રહ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છેકે, આ 'ઓપ્ટિક એક્સ્પો'માં કુલ ૮૨ થી વધુ સ્ટોલ જોવા મળશે. આ 'ઓપ્ટિક એક્સ્પો'નું ૭ થી ૯ ઑકટોબર સુધી એકા કલબ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

# મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦મી જન્મજયંતિ નિમિતે 'જ્ઞાન જ્યોતિ પર્વ' ઉજવાયુ

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિ




। અમદાવાદ, તા.૮ ।

અમદાવાદ ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતીના ૨૦૦મી જન્મજયંતિ નિમિતે 'જ્ઞાન જ્યોતિ પર્વ' ઉજવાયુ હતુ. જેમાં રાજ્ય પાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા કરાઈ રંગારંગ ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે યુવાનો દ્વારા દેશભકિતના ગીતો પર નૃત્ય કરવામાં આવ્યું હતું અને સામાજિક વિષયો પર જાગૃતતા લાવવા અંગે નાટક પણ રજૂ કરાયું હતું. જ્ઞાન જ્યોતિ પર્વના આયોજન બદલ આર્ય સમાજને શુભેચ્છાઓ પાઠવતા રાજ્ય પાલશ્રીએ પોતાના ઉદબોધનમાં કહ્યું કે, મહર્ષિ દયાનંદ સરસ્વતીના વિચારોને દેશભરમાં પ્રસ્થાપિત કરવાના ધ્યેય સાથે દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે ૧૨ ફેબ્રુઆરીના રોજ દિલ્હી ખાતેથી મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦ મી જન્મ જયંતીના આ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. દયાનંદ સરસ્વતીજીના જીવન અને સમાજ સુધારણાના કાર્યો વિશે વાત કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, ગુજરાતના ટંકારા ખાતે જન્મેલા મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ સમાજમાં વૈચારિક ક્રાંતિ દ્વારા સમાજ સુધારણા ક્ષેત્રે નિરંતર કાર્ય કરેલું.

ગુજરાત સહિત દેશભરમાં ખાસ કરીને ઉત્તર ભારતમાં તેમણે સમાજ કલ્યાણ અને સમાજ સુધારણાના પરમ ધ્યેય સાથે અનેક સંસ્થાઓ અને પુસ્તકો થકી દેશભરમાં પ્રવર્તતા કુરિવાજો, અજ્ઞાનતા અને અંધવિશ્વાસ સામે સમાજને જાગૃત કરવા માટે વૈચારિક ક્રાંતિ દ્વારા શ્રેષ્ઠ કાર્ય કરેલું. તેમણે વેદોના જ્ઞાનનો દુનિયાને પરિચય કરાવ્યો હતો. દેશની પ્રાચીન સંસ્કૃતિની રક્ષા અને સંવર્ધન માટે વિવિધ ગુરુકુલ સ્થાપીને સમાજને વિદ્વાનો આપ્યા હતા. તેમણે સ્ત્રી શિક્ષણ, છૂત - અછૂત, વ્યસન, સહિતના દૂષણો સામે સમાજને જાગૃત કરવા માટે નિરંતર કાર્ય કર્યુ હતુ. અંગ્રેજોએ ભાષા અને ધર્મના આધારે વિભાજિત કરેલા દેશને એક કરવા તેમણે હિન્દી ભાષામાં ૪૦ જેટલા ગ્રંથો આપ્યા હતા. તેમણે સામાજિક, ધાર્મિક અને આધ્યાત્મિક ક્ષેત્રે મોટી વૈચારિક ક્રાંતિ આણેલી એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

ગુજરાતમાં દયાનંદ સરસ્વતીના વિચારોને ફેલાવીને સમાજને સશકત બનાવવા માટે થઈ રહેલા કાર્યો અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, દયાનંદ સરસ્વતીજીની જન્મભૂમિ ટાંકારાને ભવ્ય તીર્થસ્થાન તરીકે વિકસાવવા માટે ગુજરાત સરકાર દ્વારા જમીન ફાળવવા સહિત અનેક પગલાં લીધા છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીના સામાજિક વિચારોને સન્માન આપતા રાજભવન ખાતે બનાવવામાં આવેલા વિશાળ સભાગૃહને મહર્ષિ દયાનંદ સરસ્વતી મંડપમ નામ આપવામાં આવ્યું હોવાની જાણકારી પણ રાજ્યપાલ શ્રી એ આપી હતી.

ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્મા અને મહર્ષિ દયાનંદ સરસ્વતીના આઝાદીની ચળવળમાં યોગદાન વિશે વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, અંગ્રેજોની ધરતી પર રહીને દેશની આઝાદીમાં અમૂલ્ય યોગદાન આપનારા શ્યામજી કૃષ્ણ વર્મા મહર્ષિ દયાનંદ સરસ્વતીના અનુયાયી હતા. તેમની પ્રેરણાથી જ તેઓએ ઇંગ્લેન્ડ જઈને ઇન્ડિયા હાઉસની સ્થાપના કરીને વિદેશી ધરતી પર અનેક ક્રાંતિકારીઓને દેશની આઝાદીની ચળવળના ભાગ બનાવ્યા હતા.

દેશની આઝાદીની ચળવળમાં ભાગ લેનારા ભગતસિંહ, રામપ્રસાદ બિસ્મિલ સહિત અનેક ક્રાંતિકારીઓ દયાનંદ સરસ્વતીના વિચારોથી પ્રભાવિત હતા. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડ-ાપ્રધાન બન્યા બાદ શ્રી શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિઓને ઇંગ્લેન્ડથી લાવીને તથા કચ્છમાં તેમના માનમાં વિશાળ સ્મારક બનાવીને તેમને શ્રદ્ધાંજલિ અને સન્માન અર્પ્યું હતું એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

# કઠલાલના પિઠાઈ અને છીપડી જિલ્લા પંચાયત શીટના ગામોમાં અમૃત કળશ યાત્રા યોજાઈ



। રાજેશ શર્મા આતરસુંબા, તા.૮ ।

કપડવંજ કઠલાલ વિધાનસભાના પિઠાઈ અને છીપડી જિલ્લા પંચાયત બેઠકના પિઠાઈ, અભ્રિપુર, ભરકુંડા, છીપીયલ, ગોગજીપુરા, છીપડી, અરાલ, ખડાલ અને કણીયેલ સહિતના વિવિધ ગામોમાં "મેરી મિટ્ટી મેરા દેશ" અંતર્ગત અમૃત કળશ યાત્રાનું વિવિધ ગામોમાં આગેવાનો અને ગ્રામજનોએ ભારત માતા કી જય..અને વંદેમાતરમ ના નારા દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. ગામે ગામથી ચપટી ચોખા અને મુઠી માટી એકત્રીસ કરી અમૃત કળશ એકત્રીત કરવામાં આવ્યા હતા..ઢોલ નગારાના નાદ વચ્ચે ગામે ગામ બહેનો પણ ઉત્સાહભેર જોડાયા હતા.

આ પ્રસંગે ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ પ્રમુખ શ્રી કિરણસિંહ ડાભી, જિલ્લા ભાજપ સંગઠન મંત્રી શ્રી રાજેશભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી કનુભાઈ ડાભી, ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા, કઠલાલ બક્ષીપંચ પ્રમુખ શ્રી બાબુભાઈ રાઠોડ, કપડવંજ બક્ષીપંચ પ્રમુખ શ્રી બાબુભાઈ પરમાર, કઠલાલ સંગઠન પ્રમુખ શ્રી પ્રવિણસિંહ પરમાર, મહામંત્રી શ્રી અલ્પેશભાઈ ઝાલા, મહામંત્રી શ્રી દલપતસિંહ ડાભી, શ્રી દિલીપસિંહ ડાભી, શ્રી દલપતસિંહ ઝાલા સહિત ગામે ગામના સરપંચશ્રીઓ, આગેવાનો, કાર્યકરો, ભાઈઓ બહેનો અને ગ્રામજનો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા.

### નેત્રંગના કોશીયાકોલા ગામે વૃધ્ધ મહિલાનું ઘર પડી જતા

# ઝઘડિયા તાલુકાના ધારા સભ્ય રીતેશભાઈ વસાવાએ વ્હારે આવી માનવતા મહેકાવી

। મલેક યસદાની ભરૂચ, તા.૮ ।

ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના કોશીયાકોલા ગામે આકસ્મિક રીતે એક મકાન પડી જવાની ઘટના બની હતી જેની જાણ ઝઘડિયા વિધનસભા મતવિસ્તારના ધારાસભ્ય રીતેશભાઈ વસાવાને થતા વૃધ્ધ મહિલા મકાન મલિકની વ્હારે આવી તેમની મદદે આગળ આવ્યા હતા.

ઝઘડિયા વિધાનસભા મત વિસ્તારમાં આવેલ નેત્રંગ તાલુકાના કોશીયાકોલા ગામે એક મકાન આકસ્મિક રીતે ધરાશાયી થવાની ઘટના બની હતી. સદર મકાનમાં શાંતાબેન વસાવા નામના એક વૃધ્ધ મહિલા એકલાં જ રહે છે. જેઓ ગરીબ પરિસ્થિતિમાં જીવી રહ્યા છે એવામાં આ મહિલાનુ મકાન પડી જવાથી મુશ્કેલીમાં મુકાયા હતા. ત્યારે આ બાબતની જાણ ઝઘડિયા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય રીતેશભાઈ વસાવાને થતા તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને અસરગ્રસ્ત વૃધ્ધાને પ્રાથમિક ધોરણે રુ. ૧૫૦૦૦ નો ચેક મદદરૂપે આપ્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય રીતેશભાઈ વસાવા સાથે નેત્રંગ તાલુકા પંચાયતના પ્રમુખ વસુધાબેન, નેત્રંગ



તાલુકા પંચાયતના ઉપપ્રમુખ મિતેશભાઈ પરમાર, અગ્રણીઓ વર્ષાબેન દેશમુખ, મનસુખભાઈ, પ્રકાશભાઈ ગામિત, પરેશભાઈ ભાટીયા, સ્નેહલભાઈ પટેલ, સરલાબેન પટેલ, કરુણાબેન ભાટીયા, સુરેશભાઈ વસાવા, પિયુષભાઈ પટેલ, હરેન્દ્રસિંહ દેશમુખ, જયેશભાઈ વસાવા, દિવ્યાંગભાઈ મિસ્ત્રી સહિત અન્ય અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છેકે વિધાનસભાની ચુંટણી સમયે ધારાસભ્ય દ્વારા પોતે આપેલ વચન કે પોતાના ધારાસભ્ય તરીકેનો પગાર જરૂરિયાતમંદ લોકોની મદદ માટે વાપરવાની ભાવના વ્યક્ત કરેલ હતી તેના અનુસંધાને ધારાસભ્ય દ્વારા પોતાના વચનનું પાલન કરવામાં આવતા લોકોએ આ સરાહનીય કામગીરીને આવકારી હતી.

# સરકારી શાળામાં શિક્ષકોની કાયમી ભરતી મુદ્દે રેલી

। સાબરકાંઠા, તા.૮ ।

ગુજરાત સરકાર દ્વારા આગામી દિવસોમાં જ્ઞાન સહાયકોની ભરતી કરવા માટેનો નિર્ણય લેવાયો છે, જેને લઈને સરકાર દ્વારા મેરીટ લીસ્ટ પણ બહાર પાડવામાં આવ્યું છે.

જોકે, રાજ્યભરમાં જ્ઞાન સહાયકોની ભરતીને લઈને TET-TAT પાસ ઉમેદવારોમાં ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. ઉમેદવારો કોન્ટ્રાક્ટ સિસ્ટમ અમલમાં ન લાવીને કાયમી ધોરણે શિક્ષકોની ભરતી કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. ત્યારે આજે સાબરકાંઠાના ઈડરમાં પણ ઉમેદવારોએ વિરોધ નોંધઆવ્યો હતો. આજે સાબરકાંઠાના ઈડરમાં TET-TAT પાસ ઉમેદવારોએ જ્ઞાન સહાયક ભરતીને લઈને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. સરકારી શાળામાં શિક્ષકોની કાયમી ભરતી મુદ્દે TET અને TAT પાસ ઉમેદવારોએ આજે રેલવે ફાટકથી પ્રાંત કચેરી સુધી રેલી યોજી હતી. આ દરમિયાન ઉમેદવારોએ 'જ્ઞાન સહાયક નામે શિક્ષણનું ખાનગીકરણ બંધ કરો..બંધ કરો', 'આધી રોટી ખાયેંગે શિક્ષણ કો બચાયેંગે' જેવા વિવિધ લખાણોવાળા પોસ્ટરો સાથે રેલી યોજી સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.

## વિશેષ

### 'ક્રાફ્ટરૂટ': કલા અને કારીગરીનું પ્રદર્શન સહ વેચાણમેળો

# સિરામિક માટી, પથ્થર, લાકડું અને બ્રાસના ઉપયોગ વડે ૨૫ થી ૨૬ જાતના પક્ષીઓની આબેહૂબ પ્રતિકૃતિ બનાવી તૈયાર કરાય છે 'ઈકો ફ્રેન્ડલી' ગૃહ શુશોભનની વસ્તુઓ

શહેરના સાયન્સ સેન્ટર, સિટીલાઈટ ખાતે આયોજિત ક્રાફટરૂટ પ્રદર્શન મેળો દેશભરના વિવિધ રાજયોમાંથી આવેલા હસ્તકલાના કારીગરો થકી ભારતના વૈવિધ્યસભર 'કલા અને કૌશલ્ય'ના વારસાની ઝાંખી કરાવે છે. જેમાં ગુજરાતના વડોદરા શહેરથી આવેલા ભાઈઓ ઋષભ અને ઋતુલ શાહની 'ચતુર ચિડિયા' તેના અનોખા નામની જેમ તદ્દન નવી પ્રોડક્ટ્સ સાથે પોતાની આગવી ઓળખ બનાવી શહેરીજનોને આકર્ષિત કરી રહી છે.

બે ભાઈઓની ભાગીદારી દ્વારા ૧૦ વર્ષ પહેલા શરૂ કરાયેલા વ્યવસાય 'અનોખી ચિડિયા' દ્વારા ઈકોફ્રેન્ડલી ગૃહ શુશોભનની વસ્તુઓ તૈયાર કરવામાં આવે છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈનિંગ (NID) - અમદાવાદમાંથી અનુસ્નાતક થયેલા ઋષભભાઈએ જણાવ્યુ કે, મારા ભણતર સમયે કોલેજના એક પ્રોજેકટના ભાગરૂપે આવેલા વિચાર થકી અમે આ વ્યવસાયની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું કે, મને નાનપણથી જ પક્ષીઓ અને પ્રકૃતિની વચ્ચે રહેવાનો શોખ હતો. પક્ષીઓના કલરવ સાથે અમારા નાનપણની ઘણી યાદો જોડાયેલી છે. તેમણે વધુમાં કહ્યું કે, વધતા શહેરીકરણને કારણે આજે કુદરત અને માનવી વચ્ચેનું અંતર





વધવા લાગ્યું છે. લોકોને પ્રકૃતિ અને પક્ષીઓ સાથે જોડવા તેમજ ખાસ કરીને બાળકોને તેનાથી અવગત કરાવવાના હેતુસર અમે સિરામિક માટી, નાના મોટા પથ્થર, લાકડું અને બ્રાસ જેવી પર્યાવરણ અનુકૂળ સામગ્રીઓની મદદથી ઘર કે ગાર્ડનમાં શોભે તેવી પ્રોડક્ટ્સ બનાવવાની શરૂઆત કરી, જે માટે શરૂઆતમાં નળસરોવર જઈ ત્યાં ઘણાં દિવસો રોકાઈ વિવિધ પક્ષીઓનું અવલોકન કર્યું, તેમજ ત્યાંનાં સ્થાનિકો પાસેથી પક્ષીઓ વિષે વધુ માહિતી એકઠી કરી. અને એક નવી સ્કીલ વિકસાવી.

લોકોનો સારો પ્રતિસાદ મળતા અમે એક પછી એક ૨૫ થી ૨૬ પક્ષીઓના સ્ટેચ્યુ બનાવ્યા. જેમાં ફ્લેમિંગો, સારસ ક્રેઈન, સુગરી, દરજીડો, ચકલી, કલકલિયો, દેવચકલી, લક્કડખોદ, બી ઈટર અને હુપ્પુ જેવા સ્થાનિક પક્ષીઓની સાથે પેરેડાઈઝ ફ્લાયકેચર, ફાયર ટેઈલડ માઈઝોરનીસ, પેરાકીટ જેવા અનેક વિદેશી પક્ષીઓનો સમાવેશ થાય છે. તેમની પાસે રૂ. ૩૫૦ થી લઈ ૧૦ હજાર સુધીની હોમ અને ગાર્ડન ડેકોરની વસ્તુઓ ઉપલબ્ધ છે.

પર્યાવરણને ધ્યાને લેતા ચતુર ચીડિયાની વસ્તુઓની સાથે તેનું પેકેજિંગ પણ તદ્દન ઈકોફ્રેન્ડલી કરવામાં આવે છે. માત્ર રૂ.૪ થી ૫ હજારના રોકાણ સાથે શરૂ કરેલા વ્યવસાયમાં આજે તેમનું વાર્ષિક રૂ.૯૦ લાખથી ૧ કરોડનું ટર્ન ઓવર છે. ૨૨ લોકોની ટીમ સાથે સંપૂર્ણ હેન્ડમેડ ક્રાફ્ટ તૈયાર કરતા ભાઈઓ અને તેમની ચતુર ચિડિયા સ્વરોજગારી કરવા ઈચ્છતા અનેક નવયુવાનો માટે પ્રેરણારૂપ છે.

**ન્યૂઝ બ્રિફ**

## લોકસભા ચૂંટણી પહેલા ભાજપ સંગઠનમાં મોટા ફેરફાર થઈ શકે

। ગાંધીનગર, તા.૮ ।

ભારતીય જનતા પાર્ટીએ ૨૦૨૪માં યોજાનાર લોકસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેને લઈ હવે એવી ચર્ચા થઈ રહી છે કે, ભાજપ ટૂંક સમયમાં સંગઠનાત્મક ફેરફાર કરી શકે છે. લોકસભાની ચૂંટણી પૂર્વે ગુજરાતમાં ભાજપ સંગઠનમાં ફેરફાર થાય તેવા એંધાણ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત બાદ નવાજૂની સર્જાય તેવા એંધાણ સર્જાયા છે.

## ગુજરાતની જનતાના હિત માટે સરકારનો મોટો નિર્ણય

। ગાંધીનગર, તા.૮ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોની જનસુવિધા સુખાકારી વૃદ્ધિની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ ચોમાસામાં વરસાદને કારણે નગરોના માર્ગો - રસ્તાઓને થયેલા નુકસાનની મરામત માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી કુલ ૧૦૦ કરોડ રૂપિયા ૧૫૭ નગર પાલિકાઓને ફાળવવાની મંજૂરી આપી છે. ૧૦૦ કરોડ રૂપિયાની આ રકમમાંથી 'અ' વર્ગની ૨૨ નગર પાલિકાઓને પ્રત્યેકને રૂપિયા ૧ કરોડ પ્રમાણે ૨૨ કરોડ રૂપિયા તેમજ 'બ' વર્ગની ૩૦ નગર પાલિકાઓને નગર પાલિકા દીઠ રૂપિયા ૮૦ લાખ પ્રમાણે કુલ ૨૪ કરોડ રૂપિયા, 'ક' વર્ગની ૬૦ નગર પાલિકાઓને પ્રત્યેકને રૂપિયા ૬૦ લાખ મુજબ કુલ ૩૬ કરોડ રૂપિયા અને 'ડ' વર્ગની ૪૫ નગર પાલિકાઓને નગર પાલિકા દીઠ રૂપિયા ૪૦ લાખ પ્રમાણે કુલ ૧૮ કરોડ રૂપિયા આવા રોડ રીસરફેસિંગ કામો માટે ફાળવવામાં આવશે.

# હિમાચલ પ્રદેશના ગવર્નર ગુજરાતની બે દિવસની મુલાકાતે પધાર્યા




હિમાચલ પ્રદેશના રાજ્યપાલ શ્રી શિવ પ્રતાપ શુક્લ અને લેડી ગવર્નર શ્રીમતી જાનકી શુક્લ આજે રાજભવન, ગાંધીનગર પધાર્યા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. બે દિવસની ગુજરાત મુલાકાતે પધારેલા હિમાચલ પ્રદેશના રાજ્યપાલ શ્રી શિવ પ્રતાપ શુક્લએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનું હિમાચલની ઓળખ સમી બુશેહરી ટોપીથી અભિવાદન કર્યું હતું, તો રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કચ્છી શાલ ઓઢાડીને હિમાચલ પ્રદેશના રાજ્યપાલનું અભિવાદન કર્યું હતું.

### અંબાજીના મોહનથાળમાં નકલી ઘીનો મામલો

# નિલકંઠ ટ્રેડર્સના સેમ્પલ તપાસ માટે વડોદરા કેમ મોકલાયા?

### શંકાઓ ઉભી થઇ હોવાનો આરોપ વિપક્ષે લગાવ્યો

। અમદાવાદ, તા.૮ ।

અંબાજીના મોહનથાળમાં નકલી ઘી મામલે વધુ એક ગંભીર આરોપ લાગ્યો છે. ઘીમાં ભેળસેળ પ્રકરણ બાદ અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા માધુપુરા ખાતે આવેલા નિલકંઠ ટ્રેડર્સમાંથી પોલીસની હાજરીમાં સેમ્પલ લેવામાં આવ્યા હતા. પરંતુ સવાલ હવે ઉભો થયો છે કે, લેવામાં આવેલા સેમ્પલ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની લેબોરેટરીના બદલે વડોદરાની લેબોરેટરીમાં મોકલાતા શંકાઓ ઉભી થઈ હોવાનો આરોપ વિપક્ષે લગાવ્યો છે. એએમસી વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણે જણાવ્યું કે, ધર્મ અને આસ્થાના પ્રતિક સમાન અંબાજી મંદિર ખાતે ઘીમાં ભેળસેળ પ્રકરણ બાદ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા પણ માધુપુરા ખાતે આવેલા



નિલકંઠ ટ્રેડર્સના ગોડાઉનમાંથી પોલીસની હાજરી ઘીના સેમ્પલ લેવામાં આવ્યા છે. આ સેમ્પલ લઈ વડોદરા ખાતેની લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે, જે શંકા ઉભી કરી રહ્યા છે. સેમ્પલમાં અમૂલ ઘીના ૧૫ કિલોગ્રામ પેક ટીન, એગમાર્ક પ્યોર ઘી (અમૂલ)૧૫ કિલોગ્રામ પેક ટીનમાંથી, પ્યોર ઘી (અમૂલ) ૧૫ કિલોગ્રામ પેક ટીનમાંથી તથા સીઝવાન સોસ, સનસાઈનના ૧ કિલોગ્રામ પેક ટીન પ્લાસ્ટીક જારના નમૂના લેવામાં આવ્યા હતા.

### હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી

# ગરમી સાથે અનેક વાવાઝોડા આવવાની શક્યતા રહેલી છે

### વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવવાને કારણે ઉત્તર ભારતમાં હિમ વર્ષા થશે

। અમદાવાદ, તા.૮ ।

હવે ગુજરાતીઓ વરસાદની રાહ ન જોતા. કારણ કે, ગુજરાતમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે. આખરે હવામાન વિભાગે જાહેરત કરી દીધી કે, રાજ્યમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે. રાજ્યમાંથી ચોમાસાએ સંપૂર્ણપણે વિદાય લીધી છે. અંબાલાલ પટેલના જણાવ્યા પ્રમાણે, ઓક્ટોબર મહિનામાં અનેક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવવાને કારણે ઉત્તર ભારતમાં હિમ વર્ષા થશે. આ સાથે તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે, ગરમી સાથે અનેક વાવાઝોડા આવવાની શક્યતા છે. અંબાલાલ પટેલે જણાવ્યું કે, દક્ષિણ ચીન તરફ એક સાયક્લોન બન્યું છે જે તાઈવાનના ભાગથી બંગાળના ઉપસાગરમાં આવશે. જેના કારણે આ સિસ્ટમ ફરી બંગાળના ઉપસાગરમાં ફરી હલચલ મચાવી શકે છે. જેથી ૧૦મી ઓક્ટોબરની આસપાસ બંગાળના ઉપસાગરમાં ફરી ચક્રવાતનું એંધાણ છે. આ સાથે અરબ સાગરમાં સિસ્ટમ બનવાની શક્યતા રહેશે. આ સિસ્ટમ ૧૦થી ૧૨ ઓક્ટોબરમાં ફરી અરબ સાગરમાં સિસ્ટમ સક્રિય બનીને મજબૂત થઈ શકે છે.હવામાન વિભાગે જાહેરાત કરી કે, ચોમાસાની વિદાય સાથે આજે સવારે ઠંડીનો ચમકારો પણ જોવા મળ્યો છે. હાલનો સમય ઓક્ટોબર અને નવેમ્બર મહિનો ટ્રાન્જેસ્ટ મહિનો હોવાથી હવેના સમયે ઠંડી અને ગરમીનું વાતાવરણ રહેશે. બપોરે ગરમી જ્યારે સવાર અને સાંજે ઠંડક અનુભવાય છે. જોકે હાલ ખરી ઠંડીની શરૂઆત થઈ નથી. આગામી ૫ દિવસ તાપમાન યથાવત રહેશે. હાલ અમદાવાદમાં મિનિમમ ૨૨ ડિગ્રી જ્યારે મેક્સિમમ ૩૫ ડિગ્રી તાપમાન અનુભવાઈ રહ્યું છે.

**રાજકોટ ક્રિકેટ સ્ટેડિયમનું નામ બદલાયું**

# ખંઢેરી સ્ટેડિયમનું નામ નિરંજન શાહ સ્ટેડિયમ આપવામાં આવ્યું

### વર્ષ ૧૯૮૭ માં પેહલી આંતરરાષ્ટ્રિય વન ડે મેચ લાવવામાં નિરંજન શાહની મુખ્ય ભૂમિકા રહી હતી



। રાજકોટ, તા.૮ ।

અમદાવાદ બાદ રાજકોટ ખંઢેરી સ્ટેડિયમનું નામ આપવામા આવ્યું છે. ખંઢેરી સ્ટેડિયમ હવે નામ નિરંજન શાહ સ્ટેડિયમ નામ આપવામાં આવ્યું છે. રાજકોટનું જીઝછ સ્ટેડિયમ હવે નિરંજન શાહ નામથી ઓળખાશે. ૧૯૮૭ માં પેહલી આંતરરાષ્ટ્રિય વન ડે મેચ લાવવામાં નિરંજન શાહની મુખ્ય ભૂમિકા હતી. જેથી ક્રિકેટમાં તેમના યોગદાનને ધ્યાનમાં રાખીને ગઈકાલે સોરષ્ઠ ક્રિકેટ એસસિયેશન છય્સ્ બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.રાજકોટ અને સૌરાષ્ટ્રને લોર્ડસની યાદ અપાવતું ક્રિકેટ સ્ટેડીયમ બનાવવામાં નિરંજનભાઈ શાહનો સુવર્ણ ફાળો છે. નિરંજન શાહ ૨ વખત મ્ઝ્રૈં ના સેક્રેટરી રહી ચૂક્યા છે. નિરંજન શાહના પ્રયાસોથી રાજકોટનું આ નવું સ્ટેડિયમ બનાવવામાં આવ્યું છે. અતિ આધુનિક ટેકનોલોજીથી આ સ્ટેડિયમનું નિર્માણ કરવામાં આવ્યું હતું. નિરંજન શાહ (૭૯) લગભગ ચાર દાયકા સુધી જીઝછ સેક્રેટરી હતા, અને મ્ઝ્રૈં સેક્રેટરી તરીકે પણ સેવા આપી હતી. તેમના સમયમાં ડાબોડી ખેલાડી, તેણે ૧૯૬૫-૬૬ થી ૧૯૭૫-૭૬ સીઝન સુધી સૌરાષ્ટ્ર માટે ૧૨ ફર્સ્ટ-ક્લાસ રમતો (૨૮૧ રન જ ૧૧.૭૦) પણ રમી હતી. તેમના પુત્ર જયદેવ એસસીએ પ્રમુખ છે. નિરંજન શાહના પુત્ર જયદેવ શાહ એસસીએના વર્તમાન પ્રમુખ છે. રેસકોર્ષથી માંડી ખંઢેરી પાસેના ક્રિકેટ સ્ટેડીયમ સુધીની સફરના તેઓ મુખ્ય સારથી બન્યા છે.

### ધારાસભ્ય કરી રહ્યા છે ગરબામાં તિલકની અપીલ

# દરેકે તિલક કરીને જ ગરબા રમાવા આવવું : ફતેસિંહ ચૌહાણ

। અમદાવાદ, તા.૮ ।

નવરાત્રીના પર્વને ગણતરીના દિવસો જ બાકી છે. ખેલૈયાઓ અને ગરબા આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. ત્યારે અનેક જગ્યાએ ગરબા આયોજકો દ્વારા ગરબામાં ફરજિયાત તિલકનો નિયમ બનાવવામાં આવ્યો છે. એટલે કે 'નો તિલક, નો એન્ટ્રી'નો નિયમ બનાવવામાં આવ્યો છે. કેટલાક લોકો આયોજકોના નિર્ણયને સ્વીકારી રહ્યા છે, તો કેટલાક આ નિર્ણયની ભારે ટીકા કરી રહ્યા છે. એવામાં હવે આ મામલે પંચમહાલ જિલ્લાના કાલોલના ભાજપના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણનું નિવેદન સામે આવ્યું છે.

ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે પોતાના મત વિસ્તારના લોકો અને ગરબા આયોજકોને અપીલ કરી છે કે નવરાત્રીમાં ગરબા માટે આવતા તમામ લોકો તિલક કરીને આવે. તેઓએ હિન્દુ સનાતન ધર્મની રીત અનુસરવાની અપીલ કરી છે. ફતેસિંહ ચૌહાણે જણાવ્યું કે, હાલતમાં સનાતન ધર્મ વિશે ટીકા-ટિપ્પણી થઈ રહી છે. વિશ્વમાં નિજ સનાતન ધર્મ સિવાય કોઈ ધર્મ નહતો. આપણે એ પરંપરા જાળવી રાખવાની છે. દરેક સનાતની હિન્દુઓએ નવરાત્રીમાં અવશ્ય તિલક કરીને આવવું.

આ અગાઉ ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા (સોટ્ટા)એ પણ આવું જ નિવેદન આપ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, આગાણી ૧૫મી ઓક્ટોબરથી નવરાત્રી શરૂ થઈ રહી છે. દર્ભાવતી એટલે કે ડભોઈમાં નવરાત્રીનો તહેવાર ખૂબ હર્ષોલ્લાસથી ઉજવવામાં આવે છે. ૧૨-૧૫ હજાર યુવા યુવતીઓ ગરબે ઘુમતા હોય છે. ડભોઈમાં એકમાત્ર મોટા ગરબા છૅસ્ઝ ગ્રાઉન્ડ પર હોય છે. ડભોઈની આજુબાજુનાં યુવક-યુવતીઓ આ ગરબામાં રમવા માટે આવતાં હોય છે.

### બે બંધ મકાનને બનાવ્યા નિશાન

# મોડાસામાં ચડ્ડી બનિયાનધારી તસ્કર ગેંગ ત્રાટકતા ચકચાર

### સોપાન રેસીડન્સીમાં રાત્રી દરમિયાન ચડ્ડી બનિયાનધારી ટોળકીએ આવીને બે બંધ મકાનને નિશાન બનાવ્યા હતા

। મોડાસા, તા.૮ ।

અરવલ્લીજિલ્લામાંરાત્રીદરમિયાન તસ્કરોએ ચોરી આચરીને સ્થાનિકોને પરેશાન કરી મુક્યા છે. થોડાક સમય અગાઉ ભિલોડાના ધારાસભ્યના ઘરે પણ લૂંટની ઘટના નોંધાઈ હતી. આ દરમિયાન બોર્ડર વિસ્તારના જિલ્લામાં તસ્કરોએ હવે ચોરીઓ આચરવાની ઘટનાઓને એક બાદ એક અંજામ આપી રહ્યા છે. આવી જ એક ઘટના નોંધાઈ છે.

ચડ્ડી બનિયાન ધારી ટોળકી રાત્રી દરમિયાન ત્રાટકીને ચોરી આચરવાની ઘટના નોંધાઈ છે. મોડાસા શહેરમમાં આવેલ સોપાન રેસીડન્સી વિસ્તારમાં રાત્રી દરમિયાન ચડ્ડી બનિયાનધારી ટોળકીએ આવીને બે બંધ મકાનને નિશાન બનાવ્યા હતા. તસ્કરો સીસીટીવીમાં કેદ થયા છે અને




જેને લઈ હવે પોલીસે તસ્કરો સુધી પહોંચવા માટે પ્રયાસ કરવાની શરુઆત કરી છે. રાત્રી દરમિયાન બિન્દાસ્ત બનીને તસ્કરો સોસાયટીમાં ઘુસીને બંધ ઘરના નકુચાને તોડીને ઘરમાંથી સોના અને ચાંદીના ઘરેણાની ચોરી આચરી હતી. ઘટના અંગે મોડાસા રુલર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે. પોલીસે પણ ઘટના બાદ હવે રહેણાંક વિસ્તારમાં પેટ્રોલિંગ માટે વ્યવસ્થા સઘન બનાવવા માટે પ્રયાસ કરવાની જરુર હોવાનો લોકોનો રોષ છે.

# ગુજરાત સાયન્સ સિટીમાં આયોજીત વાઈલ્ડ લાઈફ વીકની ઉજવણીનુ સમાપન



। અમદાવાદ, તા.૮ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી દ્વારા વન્યજીવ સંરક્ષણના મહત્વ વિશે જાગૃતિ લાવવાના હેતુથી આયોજીત એક સપ્તાહ-લાંબા કાર્યક્રમનું આજે સફળતાપૂર્વક સમાપન થયું છે. આ કાર્યક્રમમાં વિવિધ શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આપણી ઈકોસિસ્ટમમાં વન્યજીવો જે મહત્વની ભૂમિકા ભજવે છે તે શીખવા અને સમજવા માટે સમગ્ર સપ્તાહ દરમિયાન, ગુજરાત સાયન્સ સિટીમાં વન્યજીવન અંગેના વિવિધ સેમિનાર યોજાયા. જેમાં વાઈલ્ડ લાઈફ ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને વન્યજીવનના આવાસ અને જૈવવિવિધતા સંરક્ષણથી લઈને ટકાઉ પ્રથાઓ સુધીના વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવી. ગુજરાત સાયન્સ સિટી ખાતે વાઈલ્ડલાઈફ સપ્તાહની ઉજવણી વિદ્યાર્થીઓ માટે વૈવિધ્યસભર વન્યજીવો અને પર્યાવરણીય સંતુલન જાળવવામાં તેની નિર્ણાયક ભૂમિકા વિશે વધુ જાણવા માટે એક પ્રભાવશાળી પ્લેટફોર્મ સાબિત થયું. ઉજવણીના ભાગરૂપે આયોજીત વિવિધ સેમિનારોમાં નિષ્ણાંતો દ્વારા વન્યજીવ સંરક્ષણની જરૂરિયાત, વન્યજીવ સંરક્ષણ વ્યૂહરચનાઓ, લુપ્તપ્રાય પ્રજાતિઓ અને ઈકોસિસ્ટમ જાળવણી જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી. આ ઈવેન્ટમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની ભાગીદારી એ યુવા પેઢીમાં પર્યાવરણીય જવાબદારી અને વન્યજીવનના વધતા મહત્વને દર્શાવે છે. ગુજરાત સાયન્સ સિટી આવી પહેલોને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે જે યુવાનોને આપણા ગ્રહના કુદરતી સંસાધનોના સક્રિય પ્રભારી બનવા માટે સશક્ત બનાવે છે.

### ભારતીય સેનાના નિવૃત અફસરનો બળાપો

# ક્રિકેટવાળા, ફિલ્મોવાળા બધા મોજ કરે, તો પાકિસ્તાન સામે દુશ્મની કોની?

### શું પાકિસ્તાન સામે દુશ્મનીનો ઠેકો માત્ર આર્મીએ લીધેલો છે : ભારતીય સેનાના નિવૃત જવાનનો વીડિયો વાયરલ

। અમદાવાદ, તા.૮ ।

પાકિસ્તાનથી જ આંતકી ગતિવિધિઓને વેગ મળે છે તેના અનેક પુરાવા ભુતકાળમાં પણ મળી ચુક્યા છે. નાપાક પાકિસ્તાન ઘણાં વર્ષોથી આતંકવાદને પોષતુ આવ્યું છે. જેને કારણે અનેક ભારતીય જવાનો શહીદ થયા છે. બીજી તરફ પાકિસ્તાની લશ્કર અને ત્યાંની જાસુસી એજન્સીઓ આઈએસઆઈ ખાલિસ્તાની અલગતાવાદીઓને છાવરી રહી છે. તેનાથી ભારતની અખંડિતતા પર જોખમ મંડરાઈ રહ્યું છે. ત્યારે પાકિસ્તાન સાથે મનોરંજનનો સહયોગ જાળવી રાખવો કેટલો યોગ્ય છે? આ સવાલ ચર્ચાનો વિષય છે. આ ચર્ચાને સોશિયલ મીડિયા પર વાયરલ થયેલાં ગૌરવ આર્યાના વીડિયોથી વેગ મળ્યો છે. આ વીડિયો એશિયા કપમાં ભારત- પાકિસ્તાનનો મુકાબલો થવાનો હતો તે પહેલાનો છે. પરંતુ વર્લ્ડકપમાં ફરીથી ભારત-પાકિસ્તાનની ટક્કર થવાની છે અને એને લઈને ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્તેજના છે. ત્યારે ફરીથી એ વીડિયોમાં કહેવાયેલી વાત ચર્ચાનો વિષય બની છે. એમાં ગૌરવ આર્યાએ ભારતીય ક્રિકેટ બોર્ડ, બોલિવુડ, ક્રિકેટ ચાહકો અને સરકાર સામે કટાક્ષ કર્યો છે. અને દેશભક્તિના બેવડાં ધોરણો અંગે દલીલો કરી છે.

વીડિયોમાં ગૌરવ આર્યા કહે છેકે, હું તમને માત્ર એ વાત કહી રહ્યો છું દોસ્તો કે, બોલીવુડ કહે છેકે, અમારે પાકિસ્તાનના કલાકારો જોઈએ છે. પાકિસ્તાનના સંગીતકારો જોઈએ છે. એમની સાથે ભાઈચારાની વાતો કરવામાં આવે છે. ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એટલેકે, BCCI કહે છે અમારે પાકિસ્તાન સામે ક્રિકેટ રમવું છે. ભલે પાકિસ્તાનમાં જઈને રમતા, પરંતુ ક્રિકેટ બોર્ડે પાકિસ્તાન સામે મેચ રમવાનો શોર્ટ કટ શોધી લીધો છે. વીડિયોમાં ગૌરવ આર્યા કહે છેકે, શ્રીલંકા, યુએઈ, દુબઈમાં કે બીજે ક્યાંય અમે પાકિસ્તાન સામે ક્રિકેટ રમી લઈશું. તો હું અહીં કંઈક બીજું કહેવા માંગું છું. તો પછી પાકિસ્તાન સામે દુશ્મની કોની છે? બોલીવુડની નથી, ક્રિકેટવાળાની નથી, જનતા મેચ જોવા માંગે છે બન્ને દેશોની. તો પાકિસ્તાન સામે દુશ્મની માત્ર ભારતીય સૈનિકોની જ છે? તમે શું પાર્ટી કરવા માંગો છો? ઈન્ડિયન આર્મીના જવાનને સરહદ પર જેવો જીવ લેવાનો આદેશ અપાય છે એ તો પાકિસ્તાનના સૈનિકને ઓળખતો પણ નથી. અને એમનો કોઈ સૈનિક ભારતના સૈનિકને પણ નથી ઓળખતો. છતાં ભારતીય સૈનિકો દેશ માટે પોતાના પ્રાણનું બલિદાન આપે છે. તો શું આ રાષ્ટ્રિય સુરક્ષાનો ઠેકો માત્ર ઈન્ડિયન આર્મીએ લીધો છે? પાકિસ્તાન સાથે ક્રિકેટવાળા ક્રિકેટ રમે, ફિલ્મોવાળા મોજ મજા કરે, પાકિસ્તાનીઓને લઈને પિક્ચરો બનાવે, ગીતો બનાવે, અને દેશના જવાનોને શહીદી વહોરવા માટે સરહદે મુકી રાખે. અમે તો પાકિસ્તાન સાથે મોજ વસ્તી કરતા રહીશું. સૈનિકોને બોર્ડર પર શહીદ થવા દો. દોસ્તો આ બિલકુલ અયોગ્ય વાત છે. ૪૮ વર્ષીય ગૌરવ આર્યા હાલ લેખક, વક્તા અને વરિષ્ઠ સલાહકાર સંપાદક છે. તબીબી કારણોસર ૧૯૯૭માં મેજર તરીકે નિવૃત્ત થયા તે પહેલા તેમણે ભારતીય સૈન્યમાં છ વર્ષ ફરજ બજાવી હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
CNN Channel Nine Network GUJARAT
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨